नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૮

# અંતકૃત્ દશા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ-૮

**नमो नमो निम्मलदंसणस्स**

**बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:**

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૮) અંતકૃત્ દશા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી- ૨૦૭૬, ચૈત્ર સુદ-૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉo દીપરત્નસાગર **[M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]**

**Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397**

**Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in**

-: ટાઇપ સેટિંગ :-

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

-: પ્રિન્ટર્સ :-

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

| ૪૫ આગમ વર્ગીકરણ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | આગમનું નામ | સૂત્ર | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
| ०१ | आचार | अंगसूत्र-१ | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | --- | --------------- | ----- |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

# આગમસૂત્ર- ૮ 'અંતકૃત્ દશા

## અંગસૂત્ર- ૮ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૦૧ | વર્ગ- ૧ | ૦૬ | ૦૫ | વર્ગ- ૫ | ૧૮ |
| ૦૨ | વર્ગ- ૨ | ૦૮ | ૦૬ | વર્ગ- ૬ | ૨૧ |
| ૦૩ | વર્ગ- ૩ | ૦૯ | ૦૭ | વર્ગ- ૭ | ૨૭ |
| ૦૪ | વર્ગ- ૪ | ૧૭ | ૦૮ | વર્ગ- ૮ | ૨૮ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:-** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:-** | 09 |
| | -1- **आगमसुत्ताणि-मूलं** print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- મૂળ. | 02 |
| | -2- **आगमसुत्ताणि-मूलं** Net | [45] | | -2- **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | -3- **आगममञ्जूषा मूल प्रत.** | [53] | | -3- **आगम सूत्र-गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:-** | 165 | 6 | **आगम अन्य साहित्य:-** | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | -2- **आगम संबंधी साहित्य** | 02 |
| | -3- AagamSootra English | [11] | | -3- **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | -4- **आगमिय सूक्तावली** | 01 |
| | -5- **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य- कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:-** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- **आगम** मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- **आगम** मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- **सवृत्तिक आगमसूत्राणि**-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- **सवृत्तिक आगमसूत्राणि**-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:-** | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- **आगम-सागर-कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- **आगमशब्दादिसंग्रह प्रा-सं-गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |

| | |
|---|---|
| 1-આગમ સાહિત્ય કુલ પુસ્તક. | 518 |
| 2-આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. | 085 |
| દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય | 603 |

# [૮] અંતકૃત્ દશા
## અંગસૂત્ર–૮– ગુજરાતી ભાવાનુવાદ

સૂત્ર–૧ થી ૩

૧.તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. (બન્નેનુંવર્ણન ઉવવાઈ સૂત્ર મુજબ જાણવું).

તે કાળે, તે સમયે આર્ય સુધર્મા પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ પાછી ગઈ.

તે કાળે, તે સમયે આર્ય સુધર્માસ્વામીના શિષ્ય, આર્ય જંબૂસ્વામી યાવત્ પર્યુપાસના કરતા બોલ્યા કે – જો શ્રુતધર્મની આદિ કરનારા યાવત્ નિર્વાણને પ્રાપ્ત ભગવંત મહાવીર સ્વામીએ સાતમા અંગસૂત્ર ઉપાસકદશાનો આ અર્થ કહ્યો છે, તો હે ભગવન્ ! આઠમાં અંગસૂત્રનો શ્રમણ ભગવંતે શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! શ્રમણ ભગવંતે આઠમા અંગ અંતકૃત્દશાના આઠ વર્ગો કહ્યા છે.

## વર્ગ-૧, અધ્યયન-૧ થી ૧૦

ભગવન્ ! જો શ્રમણ ભગવંત મહાવીરે આઠમા અંગ અંતકૃત્દશાના આઠ વર્ગો કહ્યા છે, તો ભંતે ! અંતકૃત્દશાના પહેલા વર્ગના શ્રમણ યાવત્ નિર્વાણને પ્રાપ્ત ભગવંત મહાવીર સ્વામીએ કેટલા અધ્યયન કહ્યા છે ? હે જંબૂ ! શ્રમણ ભગવંતે યાવત્ આઠમા અંગના પહેલા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે. તે આ –

૨. ગૌતમ, સમુદ્ર, સાગર, ગંભીર, સ્તિમિત, અચલ, કાંપિલ્ય, અક્ષોભ, પ્રસેન, વિષ્ણુકુમાર આ દશ અધ્યયનો પ્રથમ વર્ગમાં કહેલા છે.

૩.ભંતે ! જો શ્રમણ યાવત્ યાવત્ નિર્વાણને પ્રાપ્ત ભગવંત મહાવીરે અંતકૃદ્દશા આઠમા અંગના પહેલા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે, તો ભંતે ! શ્રમણ ભગવંત મહાવીરે પહેલા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

નિશ્ચે હે જંબૂ ! તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી, બાર યોજન લાંબી, નવ યોજન પહોળી હતી, તે ધનપતિની મતિથી બનાવેલી, સુવર્ણના પ્રાકારવાળી, વિવિધ પંચરંગી મણીના કાંગરા વડે મંડિત, સુરમ્ય, અલકાપુરી સદશ, પ્રમુદિત–પ્રક્રીડિત, પ્રત્યક્ષ દેવલોક સમાન, પ્રાસાદીય(ચિત્તને પ્રસન્ન કરનારી), દર્શનીય(જોવા લાયક), અભિરૂપ અને પ્રતિરૂપ હતી.

તે દ્વારવતી નગરી બહાર ઈશાન ખૂણામાં રૈવત નામે પર્વત હતો, તે રૈવત પર્વતે નંદનવન નામે ઉદ્યાન હતું, સુરપ્રિય નામના યક્ષનું પુરાતન –જૂનું યક્ષાયતન હતું. તે એક વનખંડથી ઘેરાયેલ હતું. તે વનખંડ મધ્યે એક ઉત્તમ અશોકવૃક્ષ હતું.

તે દ્વારવતી નગરીમાં કૃષ્ણ નામે વાસુદેવ રાજા રાજ્ય કરતો હતો, તે મહાન્, મહા હિમવંત પર્વત સમાન હતો, ઈત્યાદિ રાજાનું વર્ણન ઉવવાઈ સૂત્ર અનુસાર કરવું.

તે ત્યાં સમુદ્રવિજય આદિ દશ દશાર્હ, બલદેવ આદિ પાંચ મહાવીર, પ્રદ્યુમ્ન આદિ સાડા ત્રણ કરોડ કુમારો, શાંબ આદિ ૬૦,૦૦૦ દુર્દાંતો, મહસેન આદિ ૫૬,૦૦૦ બળવાનો, વીરસેન આદિ ૨૧,૦૦૦ વીરો, ઉગ્રસેન આદિ ૧૬,૦૦૦ રાજા, રુકિમણી આદિ ૧૬,૦૦૦ દેવીઓ, અનંગસેના આદિ અનેક હજાર ગણિકાઓ તથા બીજા પણ ઘણા ઈશ્વર, તલવર, માડમ્બિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, અને સાર્થવાહોનું તેમજ દ્વારાવતી નગરી અને સમગ્ર અર્ધ ભરતક્ષેત્રનું આધિપત્ય, ભર્તૃત્વ, સ્વામિત્વ, મહત્તરત્વ, આજ્ઞાકારક સેનાપતિત્વ કરતો યાવત્ વિચરતો હતો.

તે દ્વારવતી નગરીમાં અંધકવૃષ્ણિ રાજા હતો, તેનું મહા હિમવંત આદિ વિશેષણો યુક્ત વર્ણન કરવું. તે રાજાને ધારિણી રાણી હતી. તે ધારિણી દેવી કોઈ દિવસે તેવી, તેવા પ્રકારની શય્યામાં સૂતી હતી ઈત્યાદિ (જ્ઞાતાધર્મકથા

સૂત્રમાં વર્ણિત)મહાબલ કુમારની માફક અહી વર્ણન કરવું.

**સૂત્ર–૪, ૫**

**૪.** (જ્ઞાતાધર્મકથા સૂત્રમાં મહાબલકુમારમાં વર્ણિત) ૧.સ્વપ્નદર્શન, ૨.કથન, ૩.જન્મ, ૪.બાલ્યત્વ, ૫.કલા, ૬.યૌવન, ૭.પાણીગ્રહણ, ૮.કાંતા, ૯.પ્રસાદ અને ૧૦.ભોગ. (આટલી બાબતો અહી ગૌતમકુમારમાં પણ જાણવી)

**૫.** વિશેષ એ કે – કુમારનું નામ ગૌતમ રાખવામાં આવેલું),

આઠ શ્રેષ્ઠ રાજકન્યા સાથે એક દિવસે જ પાણીગ્રહણ થયું, આઠ–આઠ સંખ્યામાં દાયજો આપ્યો.

તે કાળે, તે સમયે આદિકર અરહંત અરિષ્ઠનેમિ યાવત્ સંયમ અને તપથી પોતાનાં આત્માને ભાવિત કરતા વિચરી રહ્યા હતા. દ્વારિકા નગરીએ સમવસરણમાં ચારે પ્રકારના દેવો આવ્યા, શ્રીકૃષ્ણ પણ નીકળ્યા.

ત્યારે ગૌતમકુમાર, (જ્ઞાતાધર્મકથામાં વર્ણિત)મેઘકુમારની જેમ નીકળ્યા, ધર્મ સાંભળ્યો. વિશેષ એ કે – માતાપિતાને પૂછીને આપની પાસે દીક્ષા લઈશ. એ રીતે મેઘકુમારની જેમ અણગાર થયા યાવત્ આ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરીને વિચરવા લાગ્યા.

ત્યારપછી તે ગૌતમ અન્ય કોઈ દિવસે અરહંત અરિષ્ટનેમિના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ અગિયાર અંગ ભણ્યા. ઘણા ઉપવાસાદિથી તપ કરતા યાવત્ સંયમથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

અરહંત અરિષ્ટનેમિ કોઈ દિવસે દ્વારાવતીના નંદનવનથી નીકળી બહાર જનપદમાં વિચરે છે ત્યારે ગૌતમ અણગાર કોઈ દિવસે ભગવંત પાસે આવ્યા. ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરીને, વંદન–નમસ્કાર કરીને કહ્યું – ભગવન્ ! આપની અનુજ્ઞા પામીને હું માસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારીને વિચરવા ઇચ્છુ છું.

એ પ્રમાણે સ્કંદકની માફક બાર ભિક્ષુપ્રતિમાને સ્પર્શીને ગુણરત્ન તપને તે રીતે જ સ્પર્શીને બધુ સ્કંદક માફક યાવત્ ચિંતવે છે, તે રીતે જ પૂછે છે, સ્થવિરો સાથે શત્રુંજયે ચડે છે, માસિકી સંલેખનાથી બાર વર્ષનો પર્યાય પાળી, અંતકૃત કેવલી થઇ યાવત્ સિદ્ધ થાય છે.

**સૂત્ર–૬**

હે જંબૂ ! ભગવંત મહાવીરે આ રીતે અંતકૃત દશા સૂત્રના પહેલા વર્ગના પહેલા અધ્યયનનો અર્થ કહ્યો. તે રીતે બાકીના નવે અધ્યયનો કહેવા. સમુદ્રથી વિષ્ણુ પર્યન્ત નવે (પુત્રો) કુમારોના પિતા અંધકવૃષ્ણિ અને ધારિણી માતા હતા. આ રીતે એકગમા દશ અધ્યયનો કહ્યા.

**વર્ગ–૧ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ–૨, અધ્યયન–૧ થી ૮

સૂત્ર–૭ થી ૯

૭. હે ભગવન! જો શ્રમણ ભગવંત મહાવીરે અંતકૃદ્દશા સૂત્રના પહેલા વર્ગનો આ અર્થ કહ્યો છે તો ભગવંત મહાવીરે બીજા વર્ગનો શો અર્થ કહ્યો છે?

તે કાળે, તે સમયે દ્વારવતી નગરીમાં અંધકવૃષ્ણિ રાજા રાજ્ય કરતા હતા અને રાણીનું નામ ધારિણીદેવી હતું.

૮. અક્ષોભ, સાગર, સમુદ્ર, હિમવંત, અચલ, ધરણ, પૂરણ અને અભિચંદ્ર આ આઠ તેમના પુત્રો, તે આઠે પુત્રનું એક–એક એવા આઠ અધ્યયનો જાણવા).

૯. પ્રથમ વર્ગમાં કહ્યા મુજબ જ અહીં આઠે અધ્યયનોનું વર્ણન પણ સમજી લેવું.

બધાએ ગુણરત્ન સંવત્સર તપની આરાધના કરેલી. બધાએ ૧૬ વર્ષ સુધી સંયમપાલન કરેલું. બધા એ શત્રુંજય પર્વત પર એક માસની સંલેખના કરેલી અને અંતકૃત કેવલી થઇ સિદ્ધ થયા.

**વર્ગ–૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ–૩

**સૂત્ર–૧૦ (અધૂરું)**

હે ભગવન! જો શ્રમણ ભગવંત મહાવીરે અંતકૃદ્દશા સૂત્રના બીજા વર્ગનો આ અર્થ કહ્યો છે તો ભગવંત મહાવીરે ત્રીજા વર્ગનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! ભગવંત મહાવીરે અંતકૃદ્દશાના ત્રીજા વર્ગના તેર અધ્યયનો કહ્યા છે, તે આ પ્રમાણે –

૧.અનીયસ, ૨.અનંતસેન, ૩.અનિહત, ૪.વિદ્વત, ૫.દેવયશ, ૬.શત્રુસેન, ૭.સારણ, ૮.ગજ, ૯.સુમુખ, ૧૦.દુર્મુખ, ૧૧.કૂપક, ૧૨.દારુક અને ૧૩.અનાદૃષ્ટિ.

ભંતે! જો શ્રમણ ભગવંત મહાવીરે અંતકૃદ્દશાના ત્રીજા વર્ગના તેર અધ્યયન કહ્યા છે, તો તેના પહેલા વર્ગનો શો અર્થ કહ્યો છે?

## વર્ગ–૩, અધ્યયન–૧, 'અનીકસેન'

**સૂત્ર–૧૦ અધૂરેથી**

હે જંબૂ! તે કાળે, તે સમયે ભદ્દિલપુર નામે નગર હતું. તેની ઈશાન દિશામાં શ્રીવન ઉદ્યાન હતું. તે નગરમાં જિતશત્રુ રાજા હતો.

તે ભદ્દિલપુરમાં નાગ નામે આઢ્ય ગાથાપતિ હતો. તે નાગ ગાથાપતિની સુલસા નામે પત્ની હતી, તે સુકુમાલ યાવત્ સુરૂપા હતી. તે નાગ ગાથાપતિનો પુત્ર અને સુલસાનો આત્મજ અનીયશ નામે કુમાર હતો. તે સુકુમાર યાવત્ સુરૂપ હતો અને પાંચ ધાત્રી વડે પાલન કરાતો હતો. તે આ – ક્ષીરધાત્રી, મંડનધાત્રી, મજ્જનધાત્રી, ક્રીડાપનધાત્રી અને અંકધાત્રી.

અનીયશકુમાર દૃઢપ્રતિજ્ઞની માફક ગિરિગુફામાં રહેલ ચંપકવૃક્ષની માફક સુખપૂર્વક વૃદ્ધિ પામતો હતો.

ત્યારપછી તે અનીયશ કુમાર સાતિરેક આઠ વર્ષનો થયો. માતાપિતાએ કલાચાર્ય પાસે મૂક્યો યાવત્ તે મોટો થતાભોગ સમર્થ થયો. પછી અનીયશ કુમાર બાલ્યભાવથી મુક્ત થયેલો જાણીને માતાપિતાએ એક સમાન યાવત્ બત્રીશ શ્રેષ્ઠ ઈભ્ય કન્યા સાથે એક દિવસે પાણીગ્રહણ કરાવ્યું.

પછી તે નાગ ગાથાપતિએ અનીયશને આવું પ્રીતિદાન આપ્યું. ૩૨ હિરણ્ય કોડી,૩૨ સુવર્ણ કોડી આદિ ૩૨–૩૨ વસ્તુઓ આપી. તે મહાબલકુમારની માફક યાવત્ ઉપરના પ્રાસાદમાં મૃદંગાદિના સ્ફૂટ અવાજો સાથે યાવત્ પાંચે ઈન્દ્રિયોના સુખોપભોગોને ભોગવતો વિચરે છે.

તે કાળે, તે સમયે અરહંત અરિષ્ઠનેમિ યાવત્ પધાર્યા. શ્રીવન ઉદ્યાનમાં યાવત્ વિચરે છે. પર્ષદા ધર્મોપદેશ સાંભળવા નીકળી, ત્યારે તે અનીકયશકુમાર પણ નીકળ્યો ઈત્યાદિ સર્વે ગૌતમકુમાર માફક જાણવું. વિશેષ એ કે – અનીયશ અણગાર સામાયિક આદિ ચૌદ પૂર્વો ભણ્યા. ૨૦ વર્ષના સંયમ પર્યાયનું પાલન કર્યું. બાકી પૂર્વવત્ જાણવું. શત્રુંજય પર્વતે માસિકી સંલેખના કરી. યાવત્ તે અંતકૃત કેવલી થઇ સિદ્ધ થયા.

આ પ્રમાણે હે જંબૂ! શ્રમણ ભગવંતે અંતકૃદ્દશાના ત્રીજા વર્ગના પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

## વર્ગ-૩, અધ્યયન-૨ થી ૭

**સૂત્ર–૧૧,૧૨**

**૧૧.** આ પ્રમાણે અનીયસ માફક બાકીના અનંતસેનથી શત્રુસેન સુધીના છ અધ્યયનોનો આલાવો એક સમાન જાણવો. બધાને ૩૨–૩૨ વસ્તુનો દાયજો આપ્યો. બધા અણગારોનો સંયમ પર્યાય ૨૦–વર્ષનો હતો. બધા અણગારોએ ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો, બધા અંતકૃત કેવલી થઇ શત્રુંજય પર્વતે સિદ્ધ થયા.

**૧૨.** તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી. પ્રથમ અધ્યયન મુજબ કહેવું. વિશેષ એ કે– વસુદેવ રાજા, હતા.

ધારિણી રાણી હતા. સિંહનું સ્વપ્ન જોયું, પુત્રનું સારણકુમાર નામ રાખ્યું. ૫૦ કન્યાઓ સાથે લગ્ન થયા. દરેકને ૫૦–૫૦ વસ્તુનો દાયજો આપ્યો, સારણ અણગારે ૧૪–પૂર્વનો અભ્યાસ કર્યો, ૨૦–વર્ષનો સંયમ પર્યાય પાળ્યો. બાકી બધું ગૌતમ મુજબ જાણવું, યાવત્ તે અંતકૃત કેવલી થઈ શત્રુંજય પર્વતે સિદ્ધ થયા.

## વર્ગ–૩, અધ્યયન–૮, 'ગજ'

સૂત્ર–૧૩

હે ભગવન ! જો શ્રમણ ભગવંત મહાવીરે અંતકૃદ્દશા સૂત્રના ત્રીજા વર્ગના અધ્યયન–૭ નો આ અર્થ કહ્યો છે તો ભગવંત મહાવીરે અધ્યયન–૮ નો શો અર્થ કહ્યો છે ?

નિશ્ચે હે જંબૂ ! તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી. પ્રથમ અધ્યયનમાં કહ્યા મુજબ યાવત્ અરહંત અરિષ્ટનેમિ પધાર્યા.

તે કાળે તે સમયે અરિષ્ટનેમિના શિષ્યો છ સાધુઓ સહોદર ભાઈઓ હતા. તેઓ સમાન આકારવાળા, સમાન ત્વચાવાળા, સમાન વયવાળા હતા. તેઓનો વર્ણ કાળું કમળ–ભેંસનું શીંગડું, ગળીનો વર્ણ, અલસી પુષ્પ જેવી કાંતિવાળો હતો. તેઓ શ્રીવત્સ અંકિત વત્સવાળા હતા, કુસુમ કુંડલથી શોભતા, નલ–કુબેર સમાન હતા.

ત્યારે તે છએ સાધુઓ, જે દિવસે મુંડ થઈ, ઘર છોડીને દીક્ષા લીધી, તે જ દિવસે અરિષ્ટનેમિ અરહંતને વંદન–નમસ્કાર કરીને કહેલું – ભગવન્ ! અમે આપની અનુજ્ઞા પામીને જાવજ્જીવ માટે નિરંતર છટ્ઠ–છટ્ઠ તપોકર્મસહ, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા રહેવા ઇચ્છીએ છીએ.

ભગવંતે કહેલું– હે દેવાનુપ્રિયો ! સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો.

ત્યારે છએ સાધુઓ ભગવંત અરિષ્ટનેમિની આજ્ઞા પામીને જાવજ્જીવને માટે નિરંતર છટ્ઠ–છટ્ઠ તપ કરતા યાવત્ વિચરવા લાગ્યા.

ત્યારપછી છએ સાધુઓએ અન્ય કોઈ દિવસે છટ્ઠના પારણે પહેલી પોરિસીએ સ્વાધ્યાય કર્યો, બીજી પોરિસીએ ધ્યાન કર્યું, એ પ્રમાણે ગૌતમસ્વામી મુજબ બધી વિધિ સમજવી યાવત્ અમે આપની અનુજ્ઞા પામી છટ્ઠના પારણે ત્રણ સંઘાટક વડે દ્વારવતી નગરીમાં ગૌચરી માટે યાવત્ ભ્રમણ કરવા ઇચ્છીએ છીએ.

ભગવંતે કહ્યું– સુખ ઉપજે તેમ કરો.

ત્યારે છએ સાધુઓ અરહંત અરિષ્ટનેમિની અનુજ્ઞા પામીને ભગવંતને વંદન–નમસ્કાર કરીને, તેમની પાસેથી, સહસ્રામ્રવનથી નીકળે છે, નીકળીને ત્રણ સંઘાટક વડે અત્વરિત, અસંભ્રાંતપણે યાવત્ ગૌચરી માટે અટન કરે છે.

તેમાં એક સંઘાટક દ્વારવતીના ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાથી અટન કરતા વાસુદેવ રાજાની દેવકી રાણીના ઘરમાં પ્રવેશ્યા.

ત્યારે દેવકી દેવીએ તે સાધુઓને આવતા જોઈને **હર્ષિત યાવત્ પ્રસન્નહૃદયી થઈ, આસનેથી ઊભી થઈ, પછી સાત–આઠ પગલાં સામે જઈ, ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વાંદી–નમીને રસોડામાં આવી**, સિંહકેસરા લાડુનો થાળ ભર્યો, ભરીને તે બંને સાધુઓને પ્રતિલાભિત કરી, **વાંદી–નમીને વિદાય આપી.**

ત્યારપછી બીજા સંઘાટક દ્વારવતીમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાથી અટન કરતા યાવત્ દેવકીને ત્યાં આવ્યા યાવત્ દેવકીએ તે બંને સાધુઓને પ્રતિલાભિત કરી, **વાંદી–નમીને વિદાય આપી.**

પછી ત્રીજા સંઘાટક દ્વારવતીમાં ઉચ્ચ–નીચ યાવત્ પ્રતિલાભીને દેવકીએકહ્યું – હે દેવાનુપ્રિયો! શું આ બાર યોજન લાંબી,નવ યોજન પહોળી, પ્રત્યક્ષ દેવલોક સ્વરૂપ, કૃષ્ણ વાસુદેવની દ્વારવતી નગરીમાં શ્રમણ નિર્ગ્રન્થો ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાથી અટન કરતા યાવત્ શું આપને દ્વારિકામાં ભોજન–પાન મળતા નથી ? જે તમે એક જ ઘરમાં ભોજન–પાન માટે વારંવાર પ્રવેશ કરો છો ?

ત્યારે તે સાધુઓએ દેવકીને કહ્યું – હે દેવાનુપ્રિયા ! કૃષ્ણ વાસુદેવની આ દ્વારિકામાં યાવત્ શ્રમણ નિર્ગ્રન્થોને

યાવત્ ભોજન–પાન મળતા નથી એમ નથી, તેના તે જ કુળોમાં બીજી–ત્રીજી વખત ભોજન–પાન માટે પ્રવેશતા પણ નથી. પણ અમે ભદ્દિલપુર નગરના નાગ ગાથાપતિના પુત્રો, સુલસા ભાર્યાના આત્મજો એવા છ સહોદર, સદશ, યાવત્ નલ–કૂબેર સમાન ભાઈઓ છીએ, અરહંત અરિષ્ટનેમિ પાસે ધર્મ સાંભળી, સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ, જન્મ–મરણથી ડરી, યાવત્ દીક્ષા લીધી છે.

અમે પ્રવ્રજ્યા લીધી તે જ દિવસે અરહંત અરિષ્ટનેમિ પાસે આવો અભિગ્રહ ગ્રહણ કર્યો કે – ભંતે ! અમે આપની આજ્ઞા પામીને નિરંતર છઠ્ઠ તપ કરવા પૂર્વક વિચારવા ઈચ્છીએ છીએ. યાવત્ ભગવંતે કહ્યું સુખ ઉપજે તેમ કરો. ત્યારથી અમે અરહંત અરિષ્ટનેમિની અનુજ્ઞા પામીને યાવજ્જીવ છઠ્ઠ–છઠ્ઠના તપ વડે યાવત્ વિચરીએ છીએ.

અમે આજે છઠ્ઠ તપના પારણે પહેલી પોરિસીએ સ્વાધ્યાય કર્યો યાવત્ ગૌચારી માટે અટન કરતા, તમારા ઘરમાં પ્રવેશ્યા. તમારે ત્યાં પહેલા આવેલ તે અમે નથી, અમે અન્ય છીએ. દેવકીને આમ કહી બંને મુની–યુગલ જે તરફથી આવ્યા હતા, તે તરફ પાછા ગયા.

ત્યારે દેવકીને આવો મનોગત સંકલ્પ થયો કે નિશ્ચે મને પોલાસપુર નગરે અતિમુક્તકુમાર શ્રમણે, હું બાલ્યાવસ્થામાં હતી ત્યારે કહેલું કે – હે દેવાનુપ્રિયા ! તું, સદશ યાવત્ નલ–કૂબેર જેવા આઠ પુત્રોને જન્મ આપીશ. ભરતક્ષેત્રમાં બીજી કોઈ માતાને તેવા પુત્રો નહીં જ પ્રસવે. તે વચન મિથ્યા થયું.

આ પ્રત્યક્ષ દેખાય છે કે ભરતક્ષેત્રમાં બીજી માતાએ આવા યાવત્ પુત્રો પ્રસવ્યા છે. તો હું જાઉં, અરહંત અરિષ્ટનેમિને વાંદીને આ આવા પ્રકારના પ્રશ્નોને પૂછું. આમ વિચારી, કૌટુંબિક પુરુષોને બોલાવ્યા.

તેમને કહ્યું – લઘુકરણ(ધાર્મિક યાન–પ્રવર) યાવત્ ઉપસ્થાપિત કરો.

પછી દેવાનંદા માફક તે ભગવંત પાસે પહોચીને ભગવંતની પર્યુપાસના કરે છે.

ભગવંતે દેવકીને કહ્યું – હે દેવકી ! આ છ સાધુઓને જોઈને, આવા પ્રકારનો વિચાર આવ્યો કે – નિશ્ચે મને પોલાસપુર નગરે અતિમુક્ત શ્રમણે પૂર્વવત્ કહ્યું હતું યાવત્ ઘેરથી નીકળી, જલદી મારી પાસે આવ્યા.

હે દેવકી ! શું આ અર્થ યોગ્ય છે ? હા, ભગવંત એમજ છે.

હે દેવાનુપ્રિયા ! નિશ્ચે, તે કાળે તે સમયે ભદ્દિલપુર નગરમાં નાગ નામે આઢ્ય ગાથાપતિ વસે છે. તેને સુલસા નામે પત્ની છે, તે સુલસાને બાલ્યપણામાં નિમિત્તિયાએ કહેલ કે – આ બાલિકા નિંદુ થશે.

ત્યારપછી સુલસાએ બાલ્યત્વથી આરંભીને હરિણેગમેષીની ભક્ત થઈ, હરિણેગમેષીની પ્રતિમા કરાવી, રોજ સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, ભીની સાડી પહેરીને મહાર્હ પુષ્પપૂજા કરે છે. પછી ઢીંચણને પૃથ્વી પર નમાવી, પ્રણામ કરે છે. પછી આહાર–નીહાર કરે છે. કાળક્રમે તેણીના લગ્ન થયા.

ત્યારપછી સુલસા ગાથાપત્નીના ભક્તિ–બહુમાન–સેવાથી હરિણેગમેષી દેવ આરાધિત થયા. ત્યારે તે હરિણેગમેષી દેવે સુલસાની અનુકંપાથી, સુલસા અને તમને બંનેને સમ સમયે ઋતુવંતી કરી, પછી તમે બંને એક સમયે જ ગર્ભને ગ્રહણ કરી, સાથે જ ગર્ભને વહેવા લાગી, સાથે જ પુત્રને જન્મ આપવા લાગી.

ત્યારે સુલસા મરણ પામેલ પુત્રને જન્મ આપે છે, ત્યારે હરિણેગમેષી દેવે સુલસાની અનુકંપાથી, મૃત પુત્રને હસ્તતલમાં ગ્રહણ કરીને, તમારી પાસે સંહર્યા. તે જ સમયે તમે પણ નવ માસ પૂર્ણ થતા સુકુમાલ પુત્રને જન્મ આપ્યો. જે તમારા પુત્ર હતા, તેને પણ તમારી પાસેથી બે હાથમાં લઈને સુલસા પાસે સંહર્યા.

તેથી હે દેવકી! આ તમારા પુત્રો છે, સુલસા ગાથાપત્નીના નથી.

ત્યારે દેવકી દેવી, અરહંત અરિષ્ટનેમિ પાસે આ અર્થને સાંભળીને હર્ષિત સંતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થયા. અરહંત અરિષ્ટનેમિને વંદન–નમસ્કાર કરી, દેવકી, છ સાધુઓ પાસે આવ્યા, તે છએ ને વંદન–નમસ્કાર કર્યા. ત્યારે પુત્રસ્નેહથી તેણીનું માતૃત્વ વહેવા લાગ્યું, તેના સ્તનમાંથી દુધની ધારા થઈ. તેની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ગઈ , અત્યંત હર્ષના કારણે તેનાકંચુકી બંધન તૂટી ગયા. હર્ષ અને રોમાંચથી તેનું શરીર ફૂલી જવાથી તેના કંકણ ટૂંકા

પાડવા લાગ્યા. મેઘની ધારાથી આહત થયેલ કદંબપુષ્પ સમાન તેના રોમે રોમ પુલકિત થઇ ગયા.

તેણી તે છ એ સાધુઓને અનિમેષ દષ્ટિએ જોતા–જોતા દીર્ઘકાળ નીરખી રહી. જોઈને તેઓને વંદન–નમસ્કાર કર્યા. વંડી–નમીને અરહંત અરિષ્ટનેમિ પાસે આવ્યા, ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, કરીને વંદન–નમસ્કાર કર્યા. પછી તે દેવકી દેવી તે જ ધાર્મિક યાનમાં બેસી પછી દ્વારવતી નગરીએ આવ્યા, તેમાં પ્રવેશી, પોતાના ઘેર બાહ્ય ઉપસ્થાનશાળામાં આવી, આવીને યાનપ્રવરથી ઉતરી, ઉતરીને પોતાના વાસગૃહમાં, પોતાની શય્યામાં આવી, આવીને પોતાની શય્યા ઉપર બેઠી.

ત્યારપછી દેવકી દેવીને આવો મનોગત સંકલ્પ થયો કે – નિશ્ચે મેં સરખા યાવત્ નલ–કૂબેર સમાન સાત પુત્રોને પ્રસવ્યા છે. મેં એક પણનું બાલ્યત્વને અનુભવ્યુ નથી, આ કૃષ્ણ વાસુદેવ પણ છ–છ માસે મારી પાસે પાદ વંદનાર્થે જલદી આવે છે, તે માતાઓ ધન્ય છે, એમ હું માનું છું કે જે માતા પોતાની કુક્ષિથી ઉત્પન્ન થયેલ પુત્રો, સ્તનદૂધમાં લુબ્ધ હોય, મધુર વચન બોલનારા હોય, અસ્પષ્ટ ભાષા બોલતા હોય, સ્તનમૂળથી કક્ષા દેશભાગે તે બાળક સરકતા હોય, તે માતાઓ તેમના મુગ્ધ, કોમળ–કમળ જેવા હાથ વડે ગ્રહીને ઉત્સંગમાં બેસાડે છે, તે પુત્રો સુમધુર ઉલ્લાપને વારંવાર આપે છે, મંજુલ વચન બોલે છે. પણ હું અધન્ય છું , અપુન્ય છું , અકૃત પુણ્ય છું, આમાંથી એક પણ પુત્રને ન પામી. એ રીતે તેણી અપહત મન સંકલ્પા ( નિરાશ અને ઉદાસ થઇ) યાવત્ ચિંતામગ્ન થઈ, મુખને હથેળી ઉપર રાખી ભૂમિ તરફ જોતા બેસી રહ્યા.

આ તરફ કૃષ્ણ વાસુદેવ સ્નાન કરીને યાવત્ વિભૂષિત થઈને , દેવકી દેવીને પાદ વંદનાર્થે જલદી આવ્યા. ત્યારે કૃષ્ણે દેવકી દેવીને જોઈને પાદવંદના કરી, કરીને દેવકીને પૂછ્યું–

હે માતા ! બીજી કોઈ વખતે તો મને જોઈને, તમે હર્ષિત યાવત્ સંતુષ્ટ થાઓ છો, આજ કેમ અપહત મન સંકલ્પા (નિરાશ અને ઉદાસ થઇ) યાવત્ ચિંતામગ્ન થઈ, મુખને હથેળી ઉપર રાખી ભૂમિ તરફ જોતા બેસી રહ્યા છો?

ત્યારે દેવકીએ, કૃષ્ણને કહ્યું – મેં સમાન દેખાતા, સમાન શરીરી યાવત્ નાલ્કુબેર સમાન સાત પુત્રોને જન્મ આપ્યો, પરંતુ એક પણનું બાલ્યત્વ અનુભવ્યું નહીં, તું પણ પુત્ર ! મને છ–છ માસે મારી પાસે પગે લાગવા જલદી આવે છે, તે માતાઓ ધન્ય છે ઇત્યાદિ બધું પૂર્વવાત કહેવું યાવત્ તે કારણે હું ઉદાસ યાવત ચિંતામગ્ન છું.

ત્યારે કૃષ્ણે, દેવકીમાતાને કહ્યું – હે માતા ! તમે અપહત યાવત્ ચિંતામગ્ન ન થાઓ. હું તેવો યત્ન કરીશ, જેથી મારો સહોદર નાનો ભાઈ થાય.

એમ કહી દેવકીને તેવી ઈષ્ટાદિ વાણી વડે આશ્વાસિત કર્યા, ત્યાંથી નીકળ્યા. નીકળીને પૌષધશાળાએ આવ્યા, આવીને અભયકુમાર માફક અઠ્ઠમ તાપ વગેરે વિધાન કર્યા. વિશેષ એ કે – હરિણેગમેષીને ઉદ્દેશીને અઠ્ઠમ તપ ગ્રહણ કરી યાવત્ અંજલિ જોડીને કહ્યું – હે દેવાનુપ્રિય ! હું ઇચ્છુ છું કે મને સહોદર નાનો ભાઈ આપો.

ત્યારે હરિણેગમેષીને કૃષ્ણ વાસુદેવે કહ્યું – હે દેવાનુપ્રિય ! દેવલોકથી ચ્યવેલ એક જીવ, તમારો નાનો ભાઈ થશે. તે બાલ્યભાવથી મુક્ત થઈ યાવત્ યૌવન પામી, અરહંત અરિષ્ટનેમિ પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા લેશે. કૃષ્ણને બીજી–ત્રીજી વખત આમ કહ્યું, કહીને જ્યાંથી આવેલ ત્યાં પાછો ગયો.

ત્યારે કૃષ્ણે પૌષધશાળાથી નીકળી, દેવકીમાતા પાસે આવીને દેવકીના પગે વંદના કરીને કહ્યું – હે માતા ! મારે સહોદર નાનો ભાઈ થાઓ. એમ કહી દેવકીમાતાને તેવી ઈષ્ટાદિ વાણીથી આશ્વાસિત કરીને ગયા.

ત્યારપછી દેવકી અન્ય કોઈ દિવસે, તેવી તેવાવી પ્રકારની કોમળ અને સુખદ શય્યામાં સુતેલા હતા યાવત્ સિંહનું સ્વપ્ન જોયું, સ્વપ્ન જોઈને દેવકી દેવી જાગ્યા. તે હર્ષિત અને સંતુષ્ટ થયા. સ્વપ્નનો વૃતાંત તેમણે પોતાના પતિને કહ્યો ઇત્યાદિ (ભગવતી સૂત્રમાં શતક ૧૧ માં મહાબલના વર્ણન માફક અહી શય્યા, સ્વપ્ન અને પુત્ર જન્મનું વર્ણન કરવું.) યાવત દેવકી દેવી અત્યંત સુખપૂર્વક ગર્ભનું પરિવહન કરવા લાગ્યા.) મહારાજા વાસુદેવે સ્વપ્ન લક્ષણ પાઠકોને બોલાવ્યા, સ્વપ્નોનું ફળ પૂછ્યું, સ્વપ્ન પાઠકોએ સ્વપ્નના ફળને જણાવતા કહ્યું કે સુયોગ્ય પુણ્યાત્મા પુત્રની પ્રાપ્તિ

થશે. દેવકી દેવી સ્વપ્નનું ફળ સાંભળી ઘણાજ હર્ષિત હૃદયા થઈ સુખપૂર્વક ગર્ભને વહે છે.

ત્યારપછી દેવકી દેવીએ નવ માસ પૂર્ણ થયા પછી જપાપુષ્પ, રાતા બંધુજીવક પુષ્પ, લાક્ષારસ, સરસ પારિજાતક, તરુણ સૂર્ય સમાન પ્રભાવાળા, સર્વનયન કાંત, સુકુમાર, યાવત્ સુરૂપ, હાથીના તાલુ સમાન પુત્રને જન્મ આપ્યો. જન્મ મહોત્સવ મેઘકુમારવત્ કહેવો. યાવત્ જે કારણે અમારો આ પુત્ર ગજના તાલુસમાન છે, તેથી અમારા આ બાળકનું નામ ગજસુકુમાલ થાઓ.

ત્યારે તે બાળકના માતાપિતાએ ગજસુકુમાલ નામ કર્યું. બાકી મેઘકુમારવત્ જાણવું. યાવત્ અનુક્રમે તે અત્યંત ભોગ ભોગવવાને સમર્થ થયો.

તે દ્વારાવતીમાં સોમિલ નામે એક બ્રાહ્મણ વસતો હતો. તે ધનાઢ્ય, ઋગ્વેદ યાવત્ અપરિભૂત હતો. તે ઋગ્વેદ આદિ ચારે વેદોમાં અને પાંચમો ઈતિહાસ, છટ્ઠા નિઘંટુ ગ્રંથનો જ્ઞાતા તથા પારિવ્રાજક શાસ્ત્રોમાં નિપુણ તને સુપરિનિષ્ઠિત હતો.

તે સોમિલને સોમશ્રી નામે સુકુમાલ બ્રાહ્મણી પત્ની હતી. તે સોમિલની પુત્રી, સોમશ્રી બ્રાહ્મણીની આત્મજા સોમા નામે પુત્રી સુકુમાલા યાવત્ સુરૂપા, રૂપ યાવત્ લાવણ્ય યુક્તા, ઉત્કૃષ્ટ, ઉત્કૃષ્ટ શરીરી પુત્રી હતી. તે સોમા પુત્રી અન્ય કોઈ દિવસે સ્નાન કરી યાવત્ વિભૂષિતા થઈ, ઘણી કુબ્જા આદિ અનેક દાસીઓ યાવત્ પરિવારથી પરીવરીને સ્વગૃહેથી નીકળી. ત્યાર પછી રાજમાર્ગે આવી, રાજમાર્ગમાં સુવર્ણના દડાથી ક્રીડા કરતી હતી.

તે કાળે, તે સમયે અરહંત અરિષ્ટનેમિ પધાર્યા, પર્ષદા ધર્મશ્રવણ માટે નીકળી. ત્યારે કૃષ્ણ વાસુદેવે, આ વૃત્તાંત જાણ્યો. ત્યારે કૃષ્ણ વાસુદેવે સ્નાન કરી યાવત્ અલ્પ પણ મૂલ્યવાન અલંકારથી વિભૂષિત થઈ, ગજસુકુમાલકુમાર સાથે ઉત્તમ હાથીના સ્કંધે બેસી, કોરંટપુષ્પ આચ્છાદિત છત્રને ધરાવતો, શ્રેષ્ઠ શ્વેત ચામરો વડે વીંઝાતો દ્વારવતી નગરીના મધ્યેથી ભગવંતના પાદ વંદનાર્થે નીકળ્યા, ત્યારે સોમા કન્યાને જોઈ, જોઈને સોમાના રૂપ, લાવણ્યથી યાવત્ વિસ્મિત થઈ, કૌટુંબિક પુરુષોને બોલાવ્યા.

બોલાવીને કૃષ્ણે કહ્યું – હે દેવાનુપ્રિયો ! જાઓ, તમે સોમિલ બ્રાહ્મણ પાસે સોમાની યાચના કરીને, તે કન્યાને લાવો. કન્યા અંતઃપુરમાં રખાવો. પછી આ કન્યા ગજસુકુમાલની પત્ની થશે. ત્યારે કૌટુંબિક પુરુષોએ યાવત્ તેમ કર્યું. પછી કૃષ્ણ વાસુદેવ દ્વારવતી નગરીની મધ્યેથી નીકળીને સહસ્રામ્રવન ઉદ્યાનમાં પહોંચી, પાચ અભિગમ પૂર્વક પ્રવેશીને યાવત્ ભગવંત અરિષ્ટનેમિને પર્યુપાસે છે.

ત્યારે અરિષ્ટનેમિ અરહંતે કૃષ્ણ વાસુદેવ, ગજસુકુમાલ અને મોટી પર્ષદાને ધર્મ કહ્યો. ત્યારે ગજસુકુમાલે ભગવંત પાસે ધર્મ સાંભળીનેકહ્યું કે હું પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઈચ્છું છુ. તે માટે માતાપિતાને પૂછીને આપને સેવામાં ઉપસ્થિત થઈશ. ઇત્યાદિ વર્ણન મેઘકુમારની જેમ જાણવું. વિશેષ એ કે– દેવકી દેવીએ ગજસુકુમારને કહ્યું– હે પુત્ર! તું અવિવાહિત છે, તેથી વિવાહિત થા યાવત કુળની વૃદ્ધિ કર, પછી દીક્ષા ગ્રહણ કરજે.

ત્યારે કૃષ્ણ વાસુદેવે આ કથા જાણીને ગજસુકુમાલ પાસે આવીને ગજસુકુમાલને આલીંગે છે, પછી ખોળામાં બેસાડે છે, બેસાડીને કહ્યું – તું મારા સહોદર નાનો ભાઈ છે, તેથી હે દેવાનુપ્રિય ! હમણા અરહંત પાસે મુંડ થઈ યાવત્ દીક્ષા ન લે. હું તને દ્વારવતી નગરીમાં મોટા–મોટા રાજ્યાભિષેક વડે અભિષેક કરીશ.

ત્યારે કૃષ્ણ વાસુદેવે આમ કહેતા ગજસુકુમાલ મૌન રહ્યો. ત્યારે ગજસુકુમાલે કૃષ્ણ વાસુદેવ તથા માતા–પિતાને બે–ત્રણ વખત કહ્યું – હે દેવાનુપ્રિયો ! માનુષી કામભોગના આધારરૂપ આ શરીર કફ–મળ–મૂત્રનું ઘર છે યાવત્ ત્યાજ્ય છે, હું ઇચ્છુ છું કે – આપની અનુજ્ઞાથી અરિષ્ટનેમિ અરહંત પાસે યાવત્ દીક્ષા લઉં.

ત્યારે ગજસુકુમાલને કૃષ્ણવાસુદેવ તથા માતા–પિતા જ્યારે ઘણા અનુકૂળ યાવત્ સમજાવવા સમર્થ ન થયા ત્યારે ઇચ્છા વિના અનુજ્ઞા આપતા.એમ કહ્યું કે – હે પુત્ર ! અમે એક દિવસને માટે પણ તારી રાજ્યશ્રીને જોવા ઇચ્છીએ છીએ. અહી મહાબલની જેમ સમગ્ર નિષ્ક્રમણનું વર્ણન કરવું. યાવત્ ભગવદ્–આજ્ઞાથી તે–તે પ્રકારે યાવત્

આચાર–ગોચર આદિ શિક્ષાનુ પરીપાલન કરે છે.

ત્યારે તે ગજસુકુમાલ અણગાર થયા. ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયા. પછી તેઓ દીક્ષાના દિવસે જ મધ્યાહ્ન કાળે અરિષ્ટનેમિ અરહંત પાસે આવ્યા, આવીને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, વંદન–નમસ્કાર કરીને પૂછ્યું – ભગવન્ ! આપની અનુજ્ઞાથી હું મહાકાળ સ્મશાનમાં એક રાત્રિકી એવી મહા પ્રતિમા સ્વીકારીને વિચરવા ઇચ્છું છું.

ભગવાને કહ્યું– હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો.

ત્યારે ગજસુકુમાલ અણગારે ભગવંતની અનુજ્ઞા પામીને, તેઓને વંદન–નમન કરીને, ત્યાંથી–સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળ્યા, નીકળીને મહાકાળ સ્મશાને આવ્યા. આવીને સ્થંડિલ પડિલેહી, ઉચ્ચાર–પ્રસ્રવણ ભૂમિને પડિલેહી, કંઈક નમી ગયેલી કાયા વડે યાવત્ બંને પગને સાથે રાખી ઊભા.અને એકરાત્રિકી મહા પ્રતિમા સ્વીકારીને વિચરવા લાગ્યા.

આ વખતે સોમિલ બ્રાહ્મણ સમિધ લેવાને દ્વારવતી નગરીથી બહાર પહેલાથી નીકળેલો, તે સમિધ–દર્ભ–કુશ–પાનને લઈને, ત્યાંથી પાછો વળ્યો. પછી મહાકાલ સ્મશાનમાં થોડે દૂરથી જતા જતા, સંધ્યાકાળ સમયે મનુષ્યનું ગમના–ગમન ઘટ્યું ત્યારે ત્યાં ગજસુકુમાલ અણગારને જોયા, જોઈને વૈર યાદ આવ્યું, આવવાથી ક્રોધ આદિ યુક્ત થઈને બોલ્યા –

ઓ ગજસુકુમાલ ! અપ્રાર્થિતને પ્રાર્થનાર ! યાવત્ લજ્જારહિત ! મારી પુત્રી અને સોમશ્રી પત્નીની આત્મજા સોમા કન્યાને છોડીને મુંડીત અને દીક્ષિત થઇ ગયા છો. આ એ જ ગજસુકુમાર છે, જેણે જાતિ આદિથી બહિષ્કૃત થયેલ નથી તેવી સન્માનિત અને વિવાહ યોગ્ય–ભોગકાળમાં વર્તતી એવી મારી પુત્રીને છોડીને, મુંડ થઈને દીક્ષા લીધી. તો મારે ગજસુકુમાલનું વેર વાળવુ ઉચિત છે. એમ વિચાર્યુ.

એમ વિચારીને સર્વે દિશાઓમાં અવલોકન કર્યુ, કરીને ભીની માટી લીધી. લઈને ગજસુકુમાલ અણગાર પાસે આવ્યા. આવીને તેમના મસ્તકે માટીની પાળ બાંધી, બાંધીને સળગતી ચિતામાંથી વિકસિત ખાખરાના પુષ્પ જેવા ખેરના અંગારને એક ઠીકરામાં ભરીને ગજસુકુમાલ અણગારના માથામાં નાંખ્યા, પછી ભયથી–ત્રાસથી જલદીથી ત્યાંથી નીકળ્યો યાવત્ જયાંથી આવેલ તે દિશામાં પાછો ગયો.

ત્યારે ગજસુકુમાલના શરીરમાં ઉજ્જવલ, ભયંકર યાવત્ દુઃસહ્ય વેદના ઉત્પન્ન થઈ. ત્યારે ગજસુકુમાલે સોમિલ બ્રાહ્મણ પ્રતિ મનથી પણ દ્વેષ ન કરતા, તે ઉજ્જવલ વેદનાને યાવત્ સમ્યક્ પ્રકારે સહન કરી.

ત્યારે તે વેદનાને યાવત્ સહેતા ગજસુકુમાલને શુભ પરિણામ–પ્રશસ્તાધ્યવસાય અને તદાવરક કર્મના ક્ષયથી કર્મરજને દૂર કરતા અપૂર્વકરણમાં પ્રવેશીને અનંત અનુત્તર યાવત્ શ્રેષ્ઠ કેવળ જ્ઞાન–દર્શન ઉત્પન્ન થયા. ત્યારપછી તેઓ સિદ્ધ થયા યાવત્ સર્વ દુઃખથી મુક્ત થયા.

ત્યારે સમીપે રહેલા દેવોએ 'આ મુનિએ સમ્યક્ આરાધના કરી' એમ કહી દિવ્ય સુરભિ ગંધોદકની વૃષ્ટિ, પંચવર્ણી પુષ્પ નિપાત, વસ્ત્ર ક્ષેપ, દિવ્ય ગીત–ગંધર્વ–નિનાદ કર્યા.

ત્યારપછી તે કૃષ્ણ વાસુદેવ બીજે દિવસે, પ્રભાત થતા યાવત્ સૂર્ય ઊગ્યા પછી સ્નાન કરી યાવત્ વિભૂષિત થઈ, ઉત્તમ હાથીએ આરૂઢ થઈ, કોરંટ પુષ્પની માળાયુક્ત છત્ર ધારણ કરી, શ્વેત ચામર વડે વીંઝાતા, મહાભટના વિસ્તારવાળા સમૂહથી વીંટળાઈને, દ્વારાવતી નગરીની મધ્યેથી અરિષ્ટનેમિ અરહંત હતા, ત્યાં જવાને નીકળ્યા.

ત્યારે દ્વારવતી નગરીની વચ્ચોવચ્ચથી નીકળતા એક પુરુષને જોયો. તે જીર્ણ, જરા જર્જરીત દેહવાળો યાવત્ કલાંત(થાકેલો), એક મોટા ઇંટોના ઢગલામાંથી એક–એક ઇંટને લઈને બહારની શેરીમાંથી ઘરમાં પ્રવેશતો જોયો.

ત્યારે કૃષ્ણ વાસુદેવે તેની અનુકંપાથી શ્રેષ્ઠ હાથીના સ્કંધે રહીને જ, એક ઇંટ લીધી, લઈને બહારના રથ્યપથથી ઘરની અંદર પ્રવેશ્યા ઇંટ મૂકી.ત્યારે કૃષ્ણ વાસુદેવે એક ઇંટ ગ્રહણ કરતા અનેક પુરુષે તે મોટા ઇંટના

ઢગલામાંથી બાહ્ય રથ્યમાર્ગથી એક–એક ઇંટ ઘરમાં મૂકી. ઇંટનો ઢગલો ઘરમાં મૂક્યો.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ દ્વારવતીની મધ્યેથી નીકળી અરહંત અરિષ્ટનેમિ પાસે આવ્યા. યાવત્ વંદન–નમન કરી, ગજસુકુમાલ અણગારને ન જોઈને, અરિષ્ટનેમિ અરહંતને વાંદી–નમીને પૂછ્યું –

મારા તે સહોદર નાના ભાઈ ગજસુકુમાલ અણગાર ક્યાં છે ? તેને હું વંદન–નમન કરું,

ત્યારે ભગવંતે કૃષ્ણને કહ્યું – હે કૃષ્ણ ! ગજસુકુમાલ અણગારે આત્મહિત સાધી લીધું છે. ત્યારે કૃષ્ણે, ભગવંતને પૂછ્યું – કઈ રીતે ? તેમણે આત્મહિત સાધી લીધું છે ?

ત્યારે અરિષ્ટનેમિ અરહંતે, કૃષ્ણને કહ્યું – હે કૃષ્ણ ! ગઈ કાલે ગજસુકુમાલે મને મધ્યાહ્ન કાળે વાંદી–નમીને કહ્યું – યાવત્ હું સ્વીકારીને વિચરવા ઇચ્છુ છું. યાવત તે એકરાત્રિકી પ્રતિમા સ્વીકારીને રહ્યા.

ત્યારે એક પુરુષ ગજસુકુમાલ મુનિને જોઈને ક્રોધિત થયો. યાવત્ તે મુનિ આવી ઉજ્વળ અને દુસહ્ય વેદના ભોગવીને, કેવળજ્ઞાન પામીને સિદ્ધ થયા. એ રીતે હે કૃષ્ણ ! ગજસુકુમાલ અણગારે આત્માર્થને સાધ્યો.

ત્યારે કૃષ્ણે, ભગવંતને પૂછ્યું – ભગવન્ ! તે અપ્રાર્થિતનો પ્રાર્થિત યાવત્ લજ્જારહિત પુરુષ કોણ છે ? જેણે મારા સહોદર નાના ભાઈ ગજસુકુમાલને અકાળે જીવિતથી આ રીતે રહિત કર્યા ?

ત્યારે ભગવંતે તેને કહ્યું – હે કૃષ્ણ ! તું તે પુરુષ ઉપર દ્વેષ ન કર. હે કૃષ્ણ ! નિશ્ચે તે પુરુષે ગજસુકુમાલને સહાય આપી છે.

ભગવન્! તે પુરુષે કઈ રીતે ગજસુકુમારને સહાય કરી ?

ત્યારે ભગવંતે કહ્યું – હે કૃષ્ણ ! મને પગે પડવા તું જલદીથી દ્વારવતી નગરીથી નીકળતો હતો ત્યારે પુરુષને જોયો યાવત્ ઇંટો ઘરમાં મૂકી. જે રીતે તેં તે પુરુષને સહાય આપી, તે રીતે જ હે કૃષ્ણ ! પે'લા પુરુષે ગજસુકુમાલના અનેક ભવ સંચિત લાખો કર્મોની ઉદીરણા કરીને, ઘણા કર્મોની નિર્જરાર્થે સહાય આપી.

ત્યારે કૃષ્ણે, અરિષ્ટનેમિને કહ્યું – તે પુરુષને મારે કેમ જાણવો ? ત્યારે અરિષ્ટનેમિએ કૃષ્ણને કહ્યું – દ્વારવતી નગરીમાં પ્રવેશ કરતા તને જોઈને દરવાજે ઊભેલ જ તે આયુષ્યનો ક્ષય થવાથી મૃત્યુ પામશે. તેનાથી તું જાણીશ કે – આ જ તે પુરુષ છે, જેના કારને ગજસુકુમાર આત્મહિત સાધી ગયા.

ત્યારપછી કૃષ્ણ વાસુદેવ, ભગવંતને વંદન–નમસ્કાર કરી, આભિષેક્ય હસ્તિરત્ન પાસે આવ્યા. હાથી ઉપર બેસીને દ્વારવતીમાં પોતાના ઘેર જવા નીકળ્યા.

આ તરફ સોમિલ બ્રાહ્મણને બીજે દિવસે યાવત્ સૂર્ય ઉગ્યા પછી, આવા પ્રકારે વિચાર આવ્યો કે – નિશ્ચે કૃષ્ણ વાસુદેવ ભગવંતના પાદવંદનાર્થે નીકળ્યા છે, અરહંતને તો આ વાત જ્ઞાત, વિજ્ઞાત, શ્રુત, શિષ્ટ જ હશે, કૃષ્ણ વાસુદેવને કહી જ હશે, હું જાણતો નથી કે કૃષ્ણ વાસુદેવ મને કેવા કુ–મારથી મારશે. એમ વિચારી ભયભીતાદિ થઈ, પોતાના ઘેરથી નીકળ્યો. દ્વારવતી નગરીમાં પ્રવેશતા, કૃષ્ણની સમક્ષ અને સપ્રતિદિશામાં શીઘ્ર આવ્યો. ત્યારે તે સોમિલ, કૃષ્ણને અચાનક જોતા ડરી ગયો. ઊભા ઊભા જ, આયુક્ષય થતા મરીને ત્યાં જ પડ્યો.

ત્યારે કૃષ્ણ વાસુદેવે સોમિલ બ્રાહ્મણને જોઈને કહ્યું – હે દેવાનુપ્રિયો ! આ સોમિલ બ્રાહ્મણ, અપ્રાર્થિતનો પ્રાર્થિત અને લજ્જારહિત છે, જેણે મારા સહોદર નાના ભાઈ ગજસુકુમાલને અકાલે જીવિતથી રહિત કર્યા, એમ કહી સોમિલને ચાંડાળો વડે કઢાવ્યો, તે ભૂમિ ઉપર પાણી છંટાવ્યુ, પછી પોતાના ઘેર આવીને ઘરમાં પ્રવેશ કર્યો.

આ પ્રમાણે હે જંબૂ! શ્રમણ ભગવંતે અંતકૃદ્દશાના ત્રીજા વર્ગના આઠમા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

## વર્ગ–૩, અધ્યયન–૧૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ અનુવાદ પૂર્ણ

## વર્ગ-૩, અધ્યયન-૯ થી ૧૩

સૂત્ર–૧૪

હે ભગવન ! જો શ્રમણ ભગવંત મહાવીરે અંતકૃદ્દશા સૂત્રના ત્રીજા વર્ગના અધ્યયન–૧૨ નો આ અર્થ કહ્યો છે, તો ભગવંત મહાવીરે અધ્યયન–૯ થી ૧૩ નો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે તે સમયે દ્વારવતી નગરીમાં (જેમ પ્રથમ અધ્યયનમાં વર્ણન કરેલ છે તેમ) યાવત ત્યાં કૃષ્ણ વાસુદેવ રાજ્ય કરતા હતા.

ત્યાં તે નગરીમાં બલદેવ નામે રાજા પણ રાજ્ય કરતો હતો, ધારિણી રાણી હતી. ધારિણી દેવીએ યાવત સિંહનું સ્વપ્ન જોયું. શેષ સર્વ વર્ણન ગૌતમ કુમારવત્ જાણવું. વિશેષ એ કે તે બાળકનું નામ સુમુખકુમાર રાખ્યું.

તે કુમારના ૫૦ કન્યા સાથે લગ્ન થયા, ૫૦–૫૦ વસ્તુનો દાયજો આપ્યો.

કાળક્રમે સુમુખકુમારે દીક્ષા ગ્રહણ કરી. યાવત તેણે ૧૪–પૂર્વનો અભ્યાસ કર્યો. સુમુખ અણગારે ૨૦ વર્ષનો સંયમ પર્યાય પાળ્યો, બાકી પૂર્વવત્ જાણવું . તેઓ શત્રુંજયપર્વતે સિદ્ધ થયા.

આ પ્રમાણે દુર્મુખ અને કૂપદારક પણ જાણવા. આ ત્રણે બલદેવ અને ધારિણીના પુત્રો હતા.

દારુક પણ એ પ્રમાણે જ જાણવો. તે વસુદેવ–ધારિણીનો પુત્ર છે. એ રીતે અનાધૃષ્ટિ, તે વસુદેવ, ધારિણીનો પુત્ર જ છે. પાંચેનો અધિકાર એકસરખો જ છે.

આ પ્રમાણે હે જંબૂ! શ્રમણ ભગવંતે અંતકૃદ્દશાના ત્રીજા વર્ગના અધ્યયન ૯ થી ૧૨નો આ અર્થ કહ્યો છે.

**વર્ગ–૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ-૪, અધ્યયન-૧ થી ૧૦

**સૂત્ર–૧૫**

હે ભગવન! જો શ્રમણ ભગવંત મહાવીરે અંતકૃદ્દશા સૂત્રના ત્રીજા વર્ગનો આ અર્થ કહ્યો છે તો ભગવંત મહાવીરે ચોથાવર્ગનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! શ્રમણ યાવત્ સંપ્રાપ્ત ભગવંતે ચોથા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે. તે આ છે –

**સૂત્ર–૧૬**

જાલિ, મયાલિ, ઉવયાલિ, પુરુષસેન, વારિષેણ, પ્રદ્યુમ્ન, શાંબ, અનિરુદ્ધ, સત્યનેમિ અને દૃઢનેમિ આ દશ 'કુમાર'ના દશ અધ્યયનો છે.

**સૂત્ર–૧૭**

ભંતે ! શ્રમણ ભગવંતે ચોથા વર્ગના દશ અધ્યયનો કહ્યા છે, તો પહેલા અધ્યયનનો શો અર્થ કહ્યો છે?

જંબૂ! તે કાળે તે સમયે દ્વારવતી નગરી હતી. પ્રથમ વર્ગમાં કહ્યા મુજબ, તેમાં કૃષ્ણ વાસુદેવ રાજ્ય શાસન કરતા યાવત્ ત્યાં વિચરતા હતા.

તે દ્વારવતીમાં વસુદેવ રાજા પણ હતા, તેની પત્ની ધારિણી રાણી હતા. ગૌતમકુમાર જેવો જાલિકુમાર નામે પુત્ર હતો, તેના ૫૦ રાજકન્યાઓ સાથે લગ્ન કરવામાં આવ્યા. તેને ૫૦–૫૦ દાયજામાં અપાઈ.

તેણે અરહંત અરિષ્ટનેમિ પાસે દીક્ષા લીધી. બાર અંગનું અધ્યયન કર્યું. તેણે૧૬–વર્ષના દીક્ષા પર્યાયનું પાલન કર્યું, બાકી બધું ગૌતમકુમારવત્ જાણવુંયાવત્ શત્રુંજય પર્વતે તે સિદ્ધિપદને પામ્યા.

આ પ્રમાણે મયાલિ, ઉવયાલિ, પુરુષસેન, વારિષેણને જાણવા.

એ રીતે પ્રદ્યુમ્ન પણ છે, માત્ર તેના પિતા કૃષ્ણ અને માતા રુક્મિણી છે.

એ રીતે શાંબ પણ છે, માત્ર તેના પિતા કૃષ્ણ અનેમાતા જાંબવતી છે

એ રીતે અનિરુદ્ધ પણ છે. માત્ર તેના પિતા પ્રદ્યુમ્ન અને માતા વૈદર્ભી છે.

એ રીતે સત્યનેમિ અને દૃઢનેમિ પણ જાણવા. પરંતુ તેના પિતા સમુદ્ર વિજય અને માતા શિવા છે.

આ બધા અધ્યયનો એક આલાવાવાળા છે.

આ પ્રમાણે હે જંબૂ! શ્રમણ ભગવંતે અંતકૃદ્દશાના ચોથા વર્ગના દશે અધ્યયનોનો આ અર્થ કહ્યો છે.

**વર્ગ–૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ–૫

### સૂત્ર–૧૮, ૧૯

૧૮.ભંતે ! જો શ્રમણ યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંતે ચોથા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો તો ભગવંત મહાવીરે પાંચમાં વર્ગનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ! શ્રમણ યાવત્ સિદ્ધિ પ્રાપ્ત ભગવંત મહાવીરે પાંચમાં વર્ગના દશ અધ્યયનો કહ્યા છે. તે આ –

૧૯.પદ્માવતી, ગૌરી, ગાંધારી, લક્ષ્મણા, સુશીમા, જાંબવતી, સત્યભામા, રુક્મિણી, મૂલશ્રી અને મૂલદત્તા.

## વર્ગ–૫, અધ્યયન–૧, 'પદ્માવતી'

### સૂત્ર–૨૦

ભંતે ! જો ભગવંત મહાવીરે પાંચમાં વર્ગના દશ અધ્યયનો કહ્યા છે, તો ભંતે ! ભગવંતે પહેલા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી, પહેલા અધ્યયનમાં કહ્યા મુજબ યાવત્ કૃષ્ણવાસુદેવ ત્યાં રાજ્ય શાસન સંભાલતાવિચરતા હતા. કૃષ્ણને પદ્માવતી નામે એક રાણી હતી.

તે કાળે તે સમયે અરિષ્ટનેમિ અરહંત પધાર્યા યાવત્ સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરવા લાગ્યા. કૃષ્ણ વાસુદેવ ભગવંતને વંદનાર્થે દ્વારિકાથી નીકળ્યા યાવત્ ભગવંતને પર્યુપાસે છે.

ત્યારે પદ્માવતી રાણી, આ વૃત્તાંત જાણીને હર્ષિત થઈ, દેવકીદેવીની માફક તે પણ નીકળ્યા યાવત્ ભગવંતની પર્યુપાસના કરવા લાગ્યા.

ત્યારે અરિષ્ટનેમિએ કૃષ્ણ વાસુદેવ, પદ્માવતી રાણી સહિત સર્વ પર્ષદાને ધર્મકથા કહી, પર્ષદા પાછી ગઈ. ત્યારે કૃષ્ણે, ભગવંતને વાંદી–નમીને એમ પૂછ્યું – ભગવન્ ! બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી આ દ્વારવતી નગરી યાવત્ દેવલોક સમાન છે, તેનો વિનાશ ક્યા નિમિત્તે થશે ?

કૃષ્ણને સંબોધીને અરિષ્ટનેમિએ કૃષ્ણવાસુદેવને કહ્યું – હે કૃષ્ણ ! બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી યાવત્ દેવલોકરૂપ આ દ્વારવતી સૂરા, અગ્નિ અને દ્વૈપાયનના નિમિત્તે નાશ થશે.

અરિષ્ટનેમિ અરહંત પાસે કૃષ્ણ વાસુદેવે આમ સાંભળી, અવધારીને આમ વિચાર્યું કે – તે જાલિ, મયાલિ, પુરુષસેન, વારિષેણ, પ્રદ્યુમ્ન, શાંબ, અનિરુદ્ધ, દઢનેમિ, સત્યનેમિ આદિ કુમારો ધન્ય છે, જેમણે હિરણ્યને ત્યજીને યાવત્ પોતાના ભાઈઓને અને યાચકોને વહેચીને અરહંત અરિષ્ટનેમિ પાસે મુંડ થઈને યાવત્ પ્રવ્રજ્યા લીધી. હું અધન્ય, અકૃત્ પુન્ય, રાજ્ય યાવત્ અંતઃપુરમાં અને માનુષી કામભોગોમાં મૂર્ચ્છિતાદિ છું, ભગવંત પાસે દીક્ષા લેવા માટે સમર્થ નથી.

કૃષ્ણને સંબોધીને અરિષ્ટનેમિએ, કૃષ્ણને કહ્યું – નિશ્ચે હે કૃષ્ણ ! તને આવો વિચાર યાવત મનોગત સંકલ્પ થયો કે – ધન્ય છે તે જાલિ, મયાલિ આદિ કુંવરો યાવત્ જેને હિરણ્ય, સુવર્ણ આદિ સર્વેનો ત્યાગ કરી દીક્ષા લીધી છે, પણ હું અધન્ય છું ઈત્યાદિ, તો નિશ્ચે હે કૃષ્ણ ! આ અર્થ સત્ય છે?

હા, ભગવન ! એ વાત સત્ય છે.

હે કૃષ્ણ! એવું થયું નથી – થતું નથી – થશે પણ નહીં કે વાસુદેવો હિરણ્યાદિ તજીને યાવત્ દીક્ષા લે છે. ભગવન્ ! એમ કેમ કહો છો? કે વાસુદેવ યાવત્ દીક્ષા ન લે.

કૃષ્ણને સંબોધીને અરિષ્ટનેમિ અરહંતે કહ્યું – હે કૃષ્ણ ! બધા જ વાસુદેવો પૂર્વભવે નિયાણુ કરેલ હોય છે. તેથી આમ કહ્યું કે યાવત્ દીક્ષા ન લે.

ત્યારે કૃષ્ણ વાસુદેવે, ભગવંતને કહ્યું – હું અહીંથી મરીને ક્યાં જઈશ ?

ત્યારે ભગવંતે કહ્યું – હે કૃષ્ણ! નિશ્ચે દ્વારવતી નગરી, દ્વૈપાયન દેવના કોપથી બળી જશે. ત્યારે માતા–પિતા, સ્વજન રહિત થયેલ તમે રામ બળદેવની સાથે દક્ષિણ સમુદ્રી કિનારે રહેલ પાંડુ મથુરા નગરી તરફ યુધિષ્ઠિર આદિ પાંડુ રાજાના પુત્રો, પાંચે પાંડવોની પાસે જવા નીકળશો. માર્ગમાં કૌશાંબીના અરણ્યમાં શ્રેષ્ઠ ન્યગ્રોધ વૃક્ષની નીચે પૃથ્વીશિલાપટ્ટકે પીળા વસ્ત્રથી આચ્છાદિત શરીરે સૂતા હશો, ત્યારે જરાકુમારે ધનુષ્યમાંથી છોડેલા તીક્ષ્ણ બાણ વડે ડાબા પગમાં વિંધાઈને કાળમાસે કાળ કરીને ઉજ્જવલ વેદનાવાળી વાલુકાપ્રભા નામે ત્રીજી નરક પૃથ્વીમાં નૈરચિકપણે ઉત્પન્ન થશો.

ત્યારે કૃષ્ણ વાસુદેવે, અરિષ્ટનેમિ અરહંતના આ અર્થને સાંભળી, અવધારીને અપહતમના(ઉદાસ અને નિરાશ) થઇ ચાવત્ આર્તધ્યાન કરે છે.

ત્યારે ભગવંતે કૃષ્ણને કહ્યું – હે દેવાનુપ્રિય! તમે અપહત મનવાળો ચાવત્ ચિંતામગ્ન ન થાઓ. તમે નિશ્ચે ત્રીજી પૃથ્વીથી નીકળી અનંતર ઉદ્વર્તીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણીમાં પુંડ્ર દેશમાં શતદ્વાર નગરમાં બારમાં 'અમમ' નામે તીર્થંકર થશો. ત્યાં તમે ઘણા વર્ષો કેવલીપર્યાચ પાળી સિદ્ધ થશો, બુદ્ધ થશો, મુક્ત થશો ચાવત સર્વ દુઃખનો અંત કરશો.

ત્યારે કૃષ્ણ વાસુદેવ, અરિષ્ટનેમિની પાસે આ અર્થ સાંભળી, અવધારી, હર્ષિત–સંતુષ્ટ થઈ, આસ્ફોટન કર્યું, કૂદકો માર્યો, ત્રણ પગલારૂપ ન્યાસ કર્યો, સિંહનાદ કર્યો. કરીને ભગવંતને વંદન–નમન કર્યું, કરીને તે જ આભિષેક્ય હસ્તિ ઉપર બેસીને દ્વારવતી નગરીમાં પોતાના ઘેર આવ્યો. અભિષેક હસ્તિરત્નથી ઊતર્યો, બાહ્ય ઉપસ્થાન શાળામાં પોતાના સિંહાસન પાસે આવ્યો, આવીને સિંહાસન ઉપર પૂર્વાભિમુખ થઈને બેઠો, બેસીને કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિયો! તમે જાઓ અને દ્વારવતી નગરીના શૃંગાટકાદિ માર્ગો પર એ પ્રમાણે ચાવત્ ઉદ્‌ઘોષણા કરતા આમ કહો કે – હે દેવાનુપ્રિયો ! બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી ચાવત્ દેવલોકભૂત આ દ્વારવતી નગરી સૂરા–અગ્નિ–દ્વૈપાયન નિમિત્તે વિનાશ પામવાની છે. તો દ્વારવતીના જે કોઈ રાજા, યુવરાજ, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, રાણી, કુમાર કે કુમારી અરિહંત અરિષ્ટનેમિની પાસે મુંડ થઈ ચાવત્ દીક્ષા લેવા ઇચ્છે, તેને વાસુદેવ કૃષ્ણ રજા આપશે. પાછળ રહેલા પીડા પામતાને પૂર્વે હોય તેવી આજીવિકા અપાશે પણ હરી નહીં લેવાય, મહાઋદ્ધિ–સત્કારના સમુદાય વડે દીક્ષા મહોત્સવ કરશે, એવી ઉદ્‌ઘોષણા બે–ત્રણ વખત કરાવો. પછી મારી આ આજ્ઞા પાછી સોંપો. કૌટુંબિક પુરુષોએ ચાવત્ આજ્ઞા સોંપી.

ત્યારે તે પદ્માવતી દેવી, અરિષ્ટનેમિ અરહંત પાસે ધર્મ સાંભળી, સમજી, હર્ષિત–સંતુષ્ટ ચાવત્ પ્રસન્ન હૃદયી થઈ, ભગવંતને વાંદી–નમીને કહે છે –

ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનની હું શ્રદ્ધા કરું છું. ચાવત્ આપ જે કહો છો તે સત્ય છે ઇત્યાદિ, વિશેષ એ કે – કૃષ્ણ વાસુદેવની રજા લઉં. પછી હું આપની પાસે મુંડ થઈ ચાવત્ દીક્ષા લઈશ.

હે દેવાનુપ્રિયે ! જેમ સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો.

પછી પદ્માવતી દેવી ધાર્મિક ચાનપ્રવરમાં બેઠી, બેસીને દ્વારવતી નગરીએ આવી, આવીને ધાર્મિક ચાનથી ઉતરી, ઉતરીને કૃષ્ણ વાસુદેવ પાસે આવી, બે હાથ જોડીને કહ્યું – હે દેવાનુપ્રિય! આપની અનુજ્ઞા પામીને હું અરિષ્ટનેમિ અરહંત પાસે ચાવત્ દીક્ષા લેવાને ઇચ્છુ છું.

પછી કૃષ્ણે કૌટુંબિકોને બોલાવીને કહ્યું – જલદી પદ્માવતીદેવી માટે મહાર્થ, મહાર્ઘ નિષ્ક્રમણાભિષેક તૈયાર કરો. કરીને મારી આજ્ઞા પાછી સોંપો. તેઓએ ચાવત્ તે પ્રમાણે કરીને આજ્ઞા પાછી સોંપી.

ત્યારે કૃષ્ણ વાસુદેવે પદ્માવતી દેવીને પાટે સ્થાપી, ૧૦૮ સુવર્ણ કળશ આદિ વડે ચાવત્ મહાનિષ્ક્રમણ અભિષેકથી અભિષેક કર્યો. કરીને સર્વાલંકારથી વિભૂષિત કરી, પછી સહસ્રપુરુષ વાહિની શિબિકા રચાવીને, તેણીને

બેસાડીને દ્વારવતી નગરીના મધ્યેથી નીકળ્યા, રૈવતક પર્વતે સહસ્રામ્રવન ઉદ્યાનમાં આવ્યા. શિબિકા સ્થાપી, પદ્માવતીને શિબિકામાંથી ઊતારી, પછી અરિષ્ટનેમિ અરહંત પાસે આવ્યા. આવીને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વાંદી–નમીને કહ્યું –

ભગવન્ ! આ મારી અગ્રમહિષી પદ્માવતી રાણી, ઈષ્ટા કાંતા પ્રિયા મનોજ્ઞા મણામા અભિરામા છે,તેનું નામ શ્રવણ પણ દુર્લભ છે તો દર્શનનું કહેવું જ શું ? હે દેવાનુપ્રિય ! આપને શિષ્યા ભિક્ષા આપું છું, આપ સ્વીકાર કરો.

ભગવંતે કહ્યું– જેમ સુખ ઉપજે તેમ કરો.

ત્યારે પદ્માવતી ઈશાન ખૂણામાં જઈ, સ્વયં જ આભરણ અલંકાર ઊતાર્યા, સ્વયં જ પંચમુષ્ટિક લોચ કર્યો. કરીને અરિષ્ટનેમિ અરહંત પાસે આવી, વંદન–નમન કરીને કહ્યું – આ લોક આદીપ્ત છે, પ્રદીપ્ત છે યાવત્ હું આપની પાસે દીક્ષા અંગીકાર કરવા ઈચ્છું છું. આપ મને ધર્મ ઉપદેશ સંભળાવો.

ત્યારે ભગવંતે પદ્માવતી દેવીને સ્વયં જ પ્રવ્રજ્યા આપી, મુંડ કરીને યક્ષિણી આર્યાને શિષ્યારૂપે સોંપ્યા.

પછી યક્ષિણી આર્યાએ પદ્માવતીને સ્વયં દીક્ષા આપી યાવત્ સંયમ આરાધનામાં પ્રયત્નશીલ રહેવાની શિક્ષા આપી ત્યારપછી પદ્માવતી દેવી સાધ્વી બની ગયા. યાવત્ સંયમ વિશે યત્ન કરે છે.

તે પદ્માવતી આર્યા થયા, ઈર્યાસમિતા યાવત્ ગુપ્ત બ્રહ્મચારિણી થયા. પદ્માવતી આર્યા, યક્ષિણી આર્યા પાસે સામાયિક આદિ ૧૧–અંગો ભણ્યા. ઘણા ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ આદિ વિવિધ તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યાર પછી પદ્માવતી આર્યા, પ્રતિપૂર્ણ વીસ વર્ષ શ્રામણ્ય પર્યાય પાળીને, માસિકી સંલેખનાથી આત્માને ઝોષિત(આરાધિત) કરીને, સાંઇઠ ભક્તોને અનશન વડે છેદીને, જે હેતુથી નગ્નભાવ ધારણ કરેલ, તે અર્થને આરાધી, છેલ્લા શ્વાસે (અંતકૃત કેવલી બની) સિદ્ધ થયા.

## વર્ગ-૫, અધ્યયન-૨ થી ૮

**સૂત્ર–૨૧**

તે કાળે, તે સમયે દ્વારવતી નગરી હતી ,રૈવતક પર્વત ઉપર, નંદનવન ઉદ્યાન હતું. દ્વારવતીમાં કૃષ્ણ વાસુદેવ રાજા, તેને ગૌરી રાણી હતી , અરહંત અરિષ્ટનેમિ પધાર્યા, કૃષ્ણ નીકળ્યા, પદ્માવતી માફક ગૌરી પણ નીકળી, ધર્મકથા કહી, પર્ષદા પાછી ગઈ, કૃષ્ણ પણ ગયા. ત્યારે પદ્માવતી માફક ગૌરીએ પણ દીક્ષા લીધી યાવત્ સિદ્ધપદ પામ્યા.

એ પ્રમાણે ગાંધારી, લક્ષ્મણા, સુશીમા, જાંબવતી, સત્યભામા, રુક્મિણીને જાણવા. આઠે અધ્યયનો પદ્માવતી સમાન જાણવા.

## વર્ગ–૫, અધ્યયન–૯,૧૦

**સૂત્ર–૨૨**

તે કાળે, તે સમયે દ્વારવતી નગરી, રૈવતક પર્વત, નંદનવન ઉદ્યાન, કૃષ્ણ રાજા હતો. તે નગરીમાં કૃષ્ણ વાસુદેવના પુત્ર, જાંબવતી રાણીના આત્મજ શાંબ નામે કુમાર હતા. તે શાંબકુમારને મૂલશ્રી પત્ની હતી. અરિષ્ઠનેમિ અરહંત પધાર્યા, કૃષ્ણ નીકળ્યા, મૂલશ્રી નીકળી, પદ્માવતી માફક દીક્ષા લીધી. યાવત્ સિદ્ધ પદ પામી.

આ પ્રમાણે મૂલદત્તા પણ જાણવી.

**વર્ગ–૫ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ–૬

**સૂત્ર–૨૩ થી ૨૫**

**૨૩.** ભંતે ! જો શ્રમણ યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંતે પાંચમા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો ભગવંત મહાવીરે છટ્ઠા વર્ગનો શો અર્થ કહ્યો છે ?

હે જમ્બૂ ! ભગવંતે છટ્ઠા વર્ગના સોળ અધ્યયનો કહેલા, તે આ પ્રમાણે –

**૨૪.** મંકાતિ, કિંકમ, મુદ્ગરપાણિ, કાશ્યપ, ક્ષેમક, ધ્રુતિધર, કૈલાસ, હરિચંદન. તથા–

**૨૫.** વારત્ત, સુદર્શન, પૂર્ણભદ્ર, સુમનભદ્ર, સુપ્રતિષ્ઠ, મેઘ, અતિમુક્ત અને અલક્ષ. આ સોળ અધ્યયનો છે.

## વર્ગ–૬, અધ્યયન–૧, ૨

**સૂત્ર–૨૬**

ભંતે! જો શ્રમણ યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંતે છટ્ઠા વર્ગના સોળ અધ્યયનો કહ્યા છે, તો છટ્ઠા વર્ગના પહેલા અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

નિશ્ચે હે જંબૂ ! તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. ત્યાં ગુણશીલ ચૈત્ય હતું. શ્રેણિક નામે રાજા હતો, ચેલ્લણા નામે રાણી હતી.

મંકાતી નામે ગાથાપતિ વસતો હતો, તે ધનાઢ્ય યાવત્ અપરિભૂત હતો.

તે કાળે, તે સમયે આદિકર શ્રમણ ભગવંત મહાવીર ગુણશીલ ચૈત્યે યાવત્ વિચરતા હતા. પર્ષદા નીકળી.

ત્યારે તે મંકાતી ગાથાપતિએ આ વૃત્તાંત પ્રાપ્ત થતા,તે મંકાતિ પણ નીકળ્યો, તેનું સર્વ વર્ણન ભગવતી સૂત્રોક્ત ગંગદત્ત માફક કહેવું,

તેની જેમ જ મંકાતીએ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી, સહસ્રપુરુષવાહિની શિબિકામાં નીકળ્યો યાવત્ ઈર્યાસમિત આદિ અણગાર થયા.

ત્યારપછી મંકાતી અણગાર, શ્રમણ ભગવંત મહાવીરના તથારૂપ સ્થવિરો પાસે સામાયિક આદિ અગિયાર અંગો ભણ્યા. બાકી બધું સ્કંદક માફક જાણવું. ગુણરત્ન સંવત્સર તપ કર્યો.

તેને સોળ વર્ષનો સંયમ પર્યાય પાલન કર્યો. તેમની જેમ જ વિપુલ પર્વતે સિદ્ધ થયા.

આ પ્રમાણે હે જંબૂ! શ્રમણ ભગવંતે અંતકૃદ્દશાના છટ્ઠા વર્ગના પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

બીજું અધ્યયન પણ પહેલા મુજબ જ જાણવું. કિંકર્મ પણ યાવત્ એ રીતે જ વિપુલ પર્વતે સિદ્ધ થયા.

## વર્ગ-૬, અધ્યયન-3

**સૂત્ર–૨૭**

તે કાળે, તે સમયે રાજગૃહ નામે નગર હતું. ત્યાં ગુણશીલ ચૈત્ય હતું. શ્રેણિક નામે રાજા હતો, ચેલ્લણા નામે રાણી હતી.

રાજગૃહમાં અર્જુન માલાકાર રહેતો હતો, તે ધનાઢ્ય યાવત્ અપરિભૂત હતો. તે અર્જુન માલાકારને બંધુમતી નામે સુકુમાર પત્ની હતી.

તે અર્જુનને રાજગૃહ બહાર એક મોટું પુષ્પ–ઉદ્યાન હતું. તે કૃષ્ણ યાવત્ મેઘ સમૂહવત્ હતું. પંચવર્ણી પુષ્પોથી કુસુમિત, પ્રાસાદીયાદિ હતું.

તે પુષ્પ ઉદ્યાનથી થોડે દૂર, તે અર્જુનમાળીના બાપ, દાદા, પરદાદાના પર્યાયથી આવેલ અનેક કુલ પુરુષની પરંપરાથી આવેલ મુદ્ગરપાણિ યક્ષનું યક્ષાયતન હતું,

તે જૂનું અને દિવ્ય અને સત્ય પ્રભાવવાળું હતું, ત્યાં હાથમાં એક મોટો હજાર પલનો લોહમય મુદ્ગર લઈને

રહેલ એવી તે મુદગર યક્ષની પ્રતિમા ત્યાં હતી. તે અર્જુન માલાકાર બાલ્યાવસ્થાથી તેનો ભક્ત હતો.

તે હંમેશા વાંસની છાબડી લઈને રાજગૃહથી નીકળતો અને પુષ્પ ઉદ્યાનમાં આવીને પુષ્પ ચૂંટતો હતો. ચૂંટીને અગ્ર અને શ્રેષ્ઠ પુષ્પોને લેતો. પછી મુદ્‌ગરપાણિના યક્ષાયતને આવીને તેની મહાર્હ પુષ્પાર્ચા કરતો. કરીને પગને પૃથ્વીએ નમાવી પ્રણામ કરતો. પછી રાજમાર્ગમાં આજીવિકા કરતો હતો.

તે રાજગૃહમાં લલિતા નામે એક ટોળી હતી. તેઓ ઋદ્ધિ સંપન્ન યાવત્ અપરિભૂત હતા. તેમજ યત્કૃત્ સુકૃતા અર્થાત રાજા તરફથી મળેલ કોઈ વચનને કારણે સ્વચ્છંદ રીતે વિચરતી હતી.

રાજગૃહે કોઈ દિવસે મહોત્સવ ઘોષણા થઈ. ત્યારે તે અર્જુનમાળીએ વિચાર્યું કે કાલે ઘણા જ પુષ્પોનું કામ પડશે, એમ માની પ્રાતઃકાળમાં પત્ની બંધુમતીને સાથે લઈને વાંસની છાબડીઓ સાથે લઈને, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને રાજગૃહ મધ્યેથી થઈને પુષ્પ–ઉદ્યાને આવે છે. આવીને બંધુમતી સાથે પુષ્પો ચૂંટે છે.

તે વખતે પે'લી સ્વચ્છંદ લલિતા મંડળીના છ ગોષ્ઠિક પુરુષો પણ મુદ્‌ગરપાણિ યક્ષના યક્ષાયતને આવ્યા અને રમણ કરતા ત્યાં રહ્યા.

ત્યારે અર્જુનમાળીએ બંધુમતી સાથે પુષ્પો એકઠા કરીને, અગ્ર અને શ્રેષ્ઠ પુષ્પો લઈને મુદ્‌ગરપાણિ યક્ષના યક્ષાયતને આવ્યા.

ત્યારે છ ગોષ્ઠિક પુરુષોએ અર્જુનને બંધુમતી સાથે આવતો જોયો. જોઈને પરસ્પર આમ કહ્યું –

અર્જુન માળી, બંધુમતી સાથે અહીં જલદી આવે છે, આપણે ઉચિત છે કે – આપણે અર્જુનમાળીને અવકોટક બંધન કરીને બંધુમતી સાથે વિપુલ ભોગ ભોગવતા રહીએ. એમ કહી આ અર્થને પરસ્પર સ્વીકાર્યો. પછી બારણાના અંતરમાં સંતાઈ ગયા. તેઓ નિશ્ચલ, નિષ્પંદ, મૌન અને પ્રચ્છન્ન થઈને રહ્યા.

પછી અર્જુનમાળી, બંધુમતી સાથે મુદ્‌ગર યક્ષાયતને આવ્યો, આવીને દર્શન થતા જ પ્રણામ કર્યા, મહાર્હ એવી પુષ્પપૂજા કરી, ઘૂંટણથી પગે પડી પ્રણામ કર્યા.

ત્યારે છએ ગોષ્ઠિક પુરુષો જલદી–જલદી દ્વારાંતરથી નીકળ્યા, અર્જુન માળીને પકડીને અવકોટક બંધન કર્યો. બંધુમતી માલણ સાથે વિપુલ ભોગ ભોગવતા રહ્યા.

ત્યારે અર્જુન માળીને આવો વિચાર આવ્યો કે હું બચપણથી આ પૂજ્ય મુદ્‌ગરપાણિ યક્ષની રોજ પૂજા કરી યાવત્ આજીવિકા કરતો વિચરું છું, તેથી જો મુદ્‌ગરપાણિ યક્ષ અહીં સાંનિધ્યપણે હોત તો શું મને આવી આપત્તિમાં પળેલો જોઈ રહે ? તેથી મુદ્‌ગરપાણિ યક્ષ અહીં સાંનિધ્યપણે નથી, આ સ્પષ્ટ કાષ્ઠરૂપ જ જણાય છે.

ત્યારે મુદ્‌ગરપાણિ યક્ષે અર્જુનમાળીના આવા વિચારને જાણીને યાવત્ અર્જુનના શરીરમાં પ્રવેશીને તડતડ કરતા બંધનો છેદી નાંખ્યા, તે સહસ્રપલ નિષ્પન્ન લોહમય મુદ્‌ગરને ગ્રહણ કર્યો, કરીને તે છ પુરુષ અને સાતમી સ્ત્રી, સાતેનો ઘાત કર્યો.

પછી તે અર્જુન માળી મુદ્‌ગરપાણિ યક્ષ વડે અધિષ્ઠિત થઈ રાજગૃહની બહાર રોજેરોજ છ પુરુષો અને સાતમી સ્ત્રીનો ઘાત કરતો વિચરવા લાગ્યો.

રાજગૃહના શૃંગાટક યાવત્ મહાપથ–માર્ગોમાં ઘણા લોકો એકબીજાને આમ કહેતા હતા –

હે દેવાનુપ્રિયો ! અર્જુન માળી, મુદ્‌ગરપાણિ યક્ષ વડે અધિષ્ઠિત થઈ રાજગૃહ બહાર રોજ છ પુરુષ અને સાતમી સ્ત્રીનો ઘાત કરતો વિચરે છે.

શ્રેણિક રાજા આ વૃત્તાંત જાણીને, કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – અર્જુનમાળી મુદ્‌ગરપાણિ યક્ષ વડે અધિષ્ઠિત થઈ રાજગૃહની બહાર રોજેરોજ છ પુરુષો અને સાતમી સ્ત્રીનો ઘાત કરતો વિચરે છે, તો તમે કોઈ કાષ્ઠ–તૃણ–પાણી–પુષ્પ–ફળને લેવા માટે યથેષ્ટ ન નીકળવું, જેથી તમારા શરીરનો વિનાશ ન થાઓ. આ પ્રમાણે બે–ત્રણ વખત ઘોષણા કરાવો, કરાવીને જલદી મારી આજ્ઞા પાછી સોંપો, તેઓએ યાવત્ તે પ્રમાણે આજ્ઞા પાછી સોંપી.

તે રાજગૃહમાં સુદર્શન નામે ઋદ્ધિસંપન્ન શ્રેષ્ઠી રહેતો હતો. તે શ્રમણોપાસક હતો, જીવાજીવાદિ તત્ત્વનો જ્ઞાતા હતો યાવત્ આત્માને ભાવિત કરતો વિચરતો હતો.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ રાજગૃહી નગરીએ પધાર્યા. રાજગૃહના શૃંગાટકાદિએ ઘણા લોકો આમ કહેવા લાગ્યા કે તથારૂપ અરિહંતના નામ અને ગોત્રના શ્રવણથી પણ મહાફળની પ્રાપ્તિ થાય છે,તો પછી સમીપે જઈ દર્શન, વંદન કરવાથી તેમજ તેમના મુખેથી ધાર્મિક વચન સાંભળવાથી અને વિપુલ અર્થને ગ્રહણ કરવાના લાભનું તો કહેવું જ શું ?

આ પ્રમાણે તે સુદર્શને ઘણા લોકો પાસે આ વૃત્તાંત સાંભળીને અવધારીને આમ વિચાર્યું કે – નિશ્ચે ભગવંત મહાવીર યાવત્ રાજગૃહીના ગુણશીલ ચૈત્યે વિચરે છે, તો હું ત્યાં જઉં, વંદન કરું,

આમ વિચારી, માતા–પિતા પાસે આવીને, બે હાથ જોડીને આમ કહ્યું – હે માતાપિતા! ભગવંત યાવત્ રાજગૃહીએ પધાર્યા છે, તો હું જઉં, તેઓને વાંદીને યાવત્ પર્યુપાસના કરું.

ત્યારે સુદર્શન શ્રેષ્ઠીને માતા–પિતાએ કહ્યું – હે પુત્ર ! અર્જુનમાળી યાવત્ રોજ છ પુરુષ અને એક સ્ત્રીને હણતો વિચરે છે, તો તું ભગવંત મહાવીરના વંદનાર્થે ન નીકળે, જેથી તારા શરીરને કોઈ આપત્તિ ન થાય, તું અહીં રહીને ભગવંતને વંદન–નમન કર.

ત્યારે સુદર્શને, માતાપિતાને કહ્યું – હે માતાપિતા! ભગવંત અહીં આવ્યા છે – પ્રાપ્ત થયા છે – સમોસર્યા છે તો અહીં રહીને કેમ વાંદુ ? તો હું આપની અનુજ્ઞા પામીને ભગવંત મહાવીરના વંદનાર્થે જઉં,

પછી સુદર્શનને, માતાપિતા જ્યારે ઘણા વચનો વડે તેને રોકવાને સમર્થ ન થયા, ત્યારે તેને કહ્યું કે – હે પુત્ર! તને 'સુખ ઉપજે તેમ કર.

ત્યારપછી સુદર્શને માતા–પિતાની અનુજ્ઞા પામીને, સ્નાન કરી, શુદ્ધાત્મા થઈ, ઉત્તમ વેશ પહેરી યાવત્ શરીરે અલ્પ પણ બહુ મૂલ્ય અલંકાર ધારણ કર્યા અને પોતાના ઘેરથી નીકળ્યો, પગે ચાલીને રાજગૃહ મધ્યેથી નીકળે છે, પછી મુદ્ગરપાણિ યક્ષના યક્ષાયતનની સમીપથી ગુણશીલ ચૈત્યે ભગવંત પાસે જવા નીકળ્યો.

ત્યારે મુદ્ગરપાણિ યક્ષે સુદર્શન શ્રાવકને સમીપથી પસાર થતો જોયો, જોઈને ક્રોધિત આદિ થઈને, તે સહસ્રપલ નિષ્પન્ન લોહમય મુદ્ગરને ઉછાળતો–ઉછાળતો સુદર્શન તરફ જવા નીકળ્યો.

ત્યારે સુદર્શન શ્રાવકે મુદ્ગરપાણિ યક્ષને આવતો જોઈને ભય–ત્રાસ–ઉદ્વેગ–ક્ષોભ–ચલન–સંભ્રાંતતા રહિત થઈ, **વસ્ત્રના છેડાથી ભૂમિને પ્રમાર્જીને બે હાથ જોડીને યાવત કહ્યું –**

**અરહંત યાવત્ સિદ્ધિ પ્રાપ્ત ભગવંતને નમસ્કાર થાઓ, શ્રમણ ભગવંત યાવત્ મોક્ષ પામવા ઈચ્છતા મહાવીરને નમસ્કાર થાઓ, પૂર્વે મેં ભગવંત મહાવીર પાસે સ્થૂલ પ્રાણાતિપાત– સ્થૂલ મૃષાવાદ– સ્થૂલ અદત્તાદાન–સ્વદારા સંતોષ અને ઈચ્છાપરિણામ વ્રતના જાવજ્જીવ માટે પચ્ચક્ખાણ કરેલ છે.**

**અત્યારે પણ તેમની જ સમીપે સર્વથા પ્રાણાતિપાત વિરામણ વ્રત યાવત્ સર્વથા પરિગ્રહ વિરમણ વ્રતને જાવજ્જીવ માટે પચ્ચક્ખાણ કરુ છું, સર્વે અશન–પાન–ખાદિમ–સ્વાદિમ રૂપ ચતુર્વિધ આહારના પણ જાવજ્જીવને માટે પચ્ચક્ખાણ કરુ છું.**

**જો કદાચ હું આ ઉપસર્ગથી મુક્ત થાઉં, તો મારે પારવું પચ્ચક્ખાણ પારવું કલ્પે, જો આ ઉપસર્ગથી મુક્ત ન થાઉં તો મારા પચ્ચક્ખાણ તેમ જ હો. એ પ્રમાણે સાગાર(આગાર સહીત) પ્રતિમા(અભિગ્રહ) સ્વીકારી.**

ત્યારે તે મુદ્ગરપાણિ યક્ષ, તે સહસ્રપલ નિષ્પન્ન લોહમય મુદ્ગરને ઉછાળતો–ઉછાળતો સુદર્શન શ્રાવક પાસે આવ્યો. પણ સુદર્શન શ્રાવકના તેજથી તેનો પરાભવ કરવા સમર્થ ન થયો.

ત્યારે તે યક્ષ સુદર્શન શ્રાવકની ચોતરફ ફરતો ફરતો સુદર્શનના તેજથી તેનો પરાભવ કરવા શક્તિમાન ન થયો, ત્યારે સુદર્શનની સન્મુખ, સપ્રતિદિશ રહીને સુદર્શનને અનિમેષ દૃષ્ટિએ દીર્ઘકાળ નીરખે છે, નીરખીને અર્જુન

માળીના શરીરનો ત્યાગ કર્યો, તે સહસ્રપલ નિષ્પન્ન લોહમય મુદ્‌ગર લઈને જે દિશાથી આવ્યો હતો, તે દિશામાં ચાલ્યો ગયો.

ત્યારે અર્જુનમાળી, મુદ્‌ગરપાણિ યક્ષથી મુક્ત થઈને સર્વાંગથી ધસ્ કરતો ભૂમિ ઉપર પડ્યો.

ત્યારપછી સુદર્શન શ્રાવકે નિરુપસર્ગ થયો, જાણીને પ્રતિમા પારી,

પછી અર્જુનમાળી મુહૂર્ત્તમાં આશ્વસ્ત થઈને ઉઠ્યો, ઉઠીને સુદર્શનને પૂછ્યું – દેવાનુપ્રિય ! આપ કોણ છો ? ક્યાં જાઓ છો ?

ત્યારે સુદર્શને અર્જુન માળીને કહ્યું – દેવાનુપ્રિય ! હું સુદર્શન નામક જીવાજીવનો જ્ઞાતા શ્રાવક છું, ગુણશીલ ચૈત્યે ભગવંત મહાવીરને વાંદવા જાઉં છું.

ત્યારે અર્જુનમાલીએ સુદર્શનને કહ્યું – હું પણ તમારી સાથે ભગવંતને વંદન માટે યાવત્ પર્યુપાસના કરવા માટે આવવાને ઇચ્છુ છું.

ત્યારે સુદર્શને એમ કહ્યું કે– સુખ ઉપજે તેમ કર.

ત્યારે સુદર્શન, અર્જુનમાળી સાથે ગુણશીલ ચૈત્યે શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યો, પછી ભગવંતને ત્રણ વખત વંદન–નમસ્કાર કરે છે યાવત્ પર્યુપાસે છે.

પછી ભગવંતે સુદર્શનને, અર્જુનમાળીને અને તે પર્ષદાને ધર્મકથા કહી, સુદર્શન પાછો ગયો.

ત્યારે અર્જુન માળી, ભગવંત પાસે ધર્મ સાંભળી, હર્ષિત થઈ, કહ્યું – ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું, રૂચી કરું છું યાવત્ સંયમ ગ્રહણ કરવા ઉદ્યમવંત છું

ભગવંતે તેને કહ્યું– સુખ ઉપજે તેમ કરો.

ત્યારે અર્જુને ઈશાન ખૂણામાં જઈ, સ્વયં જ પંચમુષ્ટિક લોચ કર્યો યાવત્ સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યારે અર્જુન અણગારે, જે દિવસે મુંડ યાવત્ પ્રવ્રજિત થયા, તે દિવસે જ ભગવંતને વાંદીને, આ આવો અભિગ્રહ ગ્રહણ કર્યો કે –

મારે યાવજ્જીવ નિરંતર છઠ્ઠ–છઠ્ઠ તપ વડે આત્માને ભાવિત કરતાં વિચરવું કલ્પે. આવો અભિગ્રહ લઈને યાવત્ યાવજ્જીવ વિચરે છે.

ત્યારે તે અર્જુનમુનિ, છઠ્ઠ તપના પારણે પહેલી પોરિસીમાં સજ્ઝાય કરે છે, ગૌતમસ્વામીની માફક યાવત્ ભિક્ષાર્થે અટન કરે છે.

ત્યારે તે અર્જુનમુનિને રાજગૃહમાં ઉચ્ચ યાવત્ અટન કરતા ઘણા સ્ત્રી, પુરુષ, વૃદ્ધ, બાળક, યુવાન આમ કહે છે – આણે મારા પિતાને માર્યા છે, ભાઈ–બહેન–પત્ની–પુત્ર–પુત્રી–પુત્રવધૂને, મારા અમુક સ્વજન–સંબંધી–પરિજનને મારેલ છે, એમ કહીને કેટલાક આક્રોશ કરે છે, કોઈ હીલના–નિંદા–ખિંસા–ગર્હા–તર્જના–તાડના કરે છે.

ત્યારે અર્જુન મુનિ, તે ઘણા સ્ત્રી, પુરુષો, વૃદ્ધો, બાળકો, યુવાનો વડે આક્રોશ યાવત્ તાડના કરાતા, તેમના પ્રતિ મનથી પણ દ્વેષ કર્યા વિના સમ્યક્ પ્રકારે સહે છે – ખમે છે – તિતિક્ષે છે – અધ્યાસિત કરે છે.

એ રીતે સમ્યક્ પ્રકારે સહેતા યાવત્ અધ્યાસિત કરતા રાજગૃહના ઉચ્ચ–નીચ–મધ્યમ ઘરોમાં અટન કરતા જો ભોજન પામે તો પાણી પામતા નથી, પાણી મળે તો ભોજન મળતું નથી.

ત્યારે અર્જુનમુનિ અદીનપણે, અવિમના, અકલુષ, અનાકુળ અવિષાદી અને અપરિતંત યોગી થઈને અટન કરે છે. કરીને રાજગૃહથી નીકળીને ગુણશીલ ચૈત્યે ભગવંત મહાવીર પાસે આવી, ગૌતમસ્વામી માફક યાવત્ આહાર ને દેખાડે છે. ભગવંત ની અનુજ્ઞાથી આહારમાં અમૂર્ચ્છિત થઇ ઈત્યાદિ વિશેષણ વિશિષ્ટપણે, બિલમાં જતા સર્પવત્ તે આહારને આહારે છે.

પછી ભગવંતને કોઈ દિવસે રાજગૃહ નગર થી યાવત વિહાર કર્યો.

ત્યારપછી અર્જુન મુનિ, તે ઉદાર, યત્નથી ગ્રહણ કરેલ, મહાનુભાગ તપોકર્મથી આત્માને ભાવતા, બહુપૂર્ણ છ માસ શ્રામણ્ય પર્યાય પાળ્યો, અર્ધમાસિકી સંલેખનાથી આત્માને ઝોસિત(આરીધિત) કરી, ત્રીશ ભક્તોને અનશન વડે છેદીને, જે અર્થે સંયમ ગ્રહ્યો તે અર્થને સિદ્ધ કર્યો યાવત્ અંતકૃત કેવલી થઇ સિદ્ધ થયા.

## વર્ગ–૬, અધ્યયન–૪ થી ૧૪

### સૂત્ર–૨૮ થી ૩૮

૪/**૨૮**. તે કાળે તે સમયે રાજગૃહ નામે નગર હતું. ગુણશીલ ચૈત્ય હતું. શ્રેણિક રાજા હતો.

કાશ્યપ નામે ગાથાપતિ હતો. મંકાતિ માફક બધું કહેવું. યાવત તેનો ૧૬–વર્ષનો સંયમ પર્યાય હતો. તેઓ અંતકૃત કેવલી થઇ વિપુલ પર્વતે સિદ્ધ થયા.

૫/**૨૯**. એ પ્રમાણે ક્ષેમક ગાથાપતિને પણ જાણવા. માત્ર નગરી કાકંદી, ૧૬ વર્ષનો સંયમ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધ થયા.

૬/**૩૦**. એ પ્રમાણે ધૃતિધર ગાથાપતિ૦ કાકંદી નગરી, ૧૬–વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધ.

૭/**૩૧**. એ પ્રમાણે કૈલાશ ગાથાપતિ. નગરી–સાકેત, ૧૨–વર્ષનો પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ.

૮/**૩૨**. એ રીતે હરિચંદન ગાથાપતિ. સાકેતનગરી. ૧૨–વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ.

૯/**૩૩**. એ વારત્રક ગાથાપતિ. રાજગૃહનગર. ૧૨–વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ.

૧૦/**૩૪**. એ રીતે સુદર્શન ગાથાપતિ, વાણિજ્યગ્રામ નામે નગર હતું , ત્યાં દૂતિપલાશ નામે ચૈત્ય હતું, પાંચ વર્ષનો સંયમ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ.

૧૧/**૩૫**.એ રીતે પૂર્ણભદ્ર ગાથાપતિ, વાણિજ્યગ્રામ નામે નગર હતું , ત્યાં દૂતિપલાશ નામે ચૈત્ય હતું, પાંચ વર્ષનો સંયમ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ.

૧૨/**૩૬**.એ રીતે સુમનભદ્ર ગાથાપતિ. શ્રાવસ્તી નગરી, ઘણા વર્ષનો પર્યાય.

૧૩/**૩૭**.એ રીતે સુપ્રતિષ્ઠ ગાથાપતિ, શ્રાવસ્તી નગરી, ૨૭–વર્ષ પર્યાય, વિપુલ પર્વતે સિદ્ધિ.

૧૪/**૩૮**.એ રીતે મેઘ ગાથાપતિ, રાજગૃહનગર, ઘણા વર્ષ ચારિત્ર પાળી સિદ્ધ થયા.

## વર્ગ-૬, અધ્યયન-૧૫ 'અતિમુક્ત'

### સૂત્ર–૩૯

તે કાળે, તે સમયે પોલાસપુર નગર હતું. શ્રીવન ઉદ્યાન હતું. તે પોલાસપુરમાં વિજય નામે રાજા હતો. તેને શ્રી નામે રાણી હતી. તે વિજય રાજાનો પુત્ર, શ્રીદેવીનો આત્મજ અતિમુક્ત નામે સુકુમાલ કુમાર હતો.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ શ્રીવન ઉદ્યાનમાં સંયમ અને તાપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

તે કાળે ભગવંતના મોટા શિષ્ય ઇન્દ્રભૂતિ, ભગવતી સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ પોલાસપુર નગરમાં ભિક્ષાર્થે ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ભ્રમણ કરતા હતા. ત્યારે અતિમુક્તકુમાર સ્નાન કરીને યાવત્ સર્વ પ્રકારના આભૂષણો થી વિભૂષિત થઈ, ઘણા છોકરા–છોકરીઓ, બાળક–બાલિકાઓ, અવિવાહિત કુમાર–કુમારિકાઓ સાથે પરીવરીને પોતાના ઘેરથી નીકળે છે. નીકળીને ઇન્દ્રસ્થાને આવીને તે ઘણા દારક આદિથી પરીવરીને વિચરતો હતો.

ત્યારે તે અતિમુક્ત કુમાર, ગૌતમસ્વામીને સમીપથી પસાર થતા જોયા, ગૌતમસ્વામી પાસે આવ્યા, તેઓને કહ્યું કે – તમે કોણ છો ? શા માટેભ્રમણ કરી રહ્યાછો ?

ત્યારે ગૌતમસ્વામીએ અતિમુક્ત કુમારને કહ્યું – હે દેવાનુપ્રિય! અમે ઈર્યા સમિતિ આદિપાંચ સમિતિના પાલનકર્તા યાવત્ બ્રહ્મચારી શ્રમણ–નિર્ગ્રન્થ છીએ. ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ભિક્ષાર્થે અટન કરીએ છીએ. ત્યારે અતિમુક્ત કુમારે, ગૌતમસ્વામીને કહ્યું –

ભંતે ! આપ આવો, જેથી હું તમને ભિક્ષા અપાવું. એમ કહી, ગૌતમસ્વામીની આંગળી પકડીને પોતાના ઘેર આવ્યા. ત્યારે શ્રી–રાણીએ, ગૌતમસ્વામીને આવતા જોઈને, હર્ષિત થઈ, આસનેથી ઊભી થઈ, ગૌતમસ્વામી હતા, ત્યાં આવી, તેમને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદન કર્યા. વિપુલ અશનાદિ વહોરાવી, વિદાય આપી.

ત્યારે અતિમુક્તકુમારે, ગૌતમસ્વામીને પૂછ્યું – ભંતે ! તમે ક્યાં રહો છો ?

ગૌતમસ્વામીએ તેને કહ્યું – **મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, આદિકર, ભગવન્ મહાવીર યાવત્ મોક્ષ પ્રાપ્તિના ઇચ્છુક, આ પોલાસપુર નગરની બહાર શ્રીવન ઉદ્યાનમાં યથા પ્રતિરૂપ અવગ્રહ ગ્રહીને સંયમથી યાવત્ આત્માને ભાવિત કરતા વિચરે છે, અમે ત્યાં રહીએ છીએ.**

ત્યારે અતિમુક્તે ગૌતમસ્વામીને કહ્યું – ભંતે ! હું આપની સાથે ભગવંતને પાદ વંદનાર્થે આવું ?

હે દેવાનુપ્રિય ! તમને સુખ ઉપજે તેમ કરો.

ત્યારે અતિમુક્તકુમાર, ગૌતમસ્વામી સાથે ભગવંત મહાવીર પાસે આવ્યા, આવીને ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદના કરી યાવત્ પર્યુપાસે છે.

ત્યારે ગૌતમસ્વામી, ભગવંત પાસે આવ્યા. યાવત્ ગૌચરી દેખાડી. પછી સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યારે ભગવંતે અતિમુક્તકુમારને તથા આખી પર્ષદાને ધર્મકથા કહી.

તે અતિમુક્તકુમારે ભગવંત પાસે ધર્મ સાંભળી, સમજીને અત્યંત હર્ષિત તથા સંતુષ્ટ થયા, પછી ભગવંતને કહ્યું – હું મારા માતાપિતાને પૂછું, ત્યારપછી હું આપની પાસે યાવત્ દીક્ષા લઈશ.

હે દેવાનુપ્રિય ! સુખ ઉપજે તેમ કર, વિલંબ ન કર.

પછી અતિમુક્ત પોતાના માતા–પિતા પાસે આવ્યો. પોતાને પ્રવ્રજ્યા(દીક્ષા) લેવી છે તે વાત કહી.

અતિમુક્તકુમારને તેના માતાપિતાએ કહ્યું – હે પુત્ર ! તું બાળ છે, અસંબુદ્ધ છે. તેથી તું ધર્મને શું જાણે ?

ત્યારે અતિમુક્તે માતા–પિતાને આ પ્રમાણે કહ્યું – હે **માતા–પિતા ! નિશ્ચે, હું જેને જાણુ છું, તેને જ જાણતો નથી, જેને નથી જાણતો તેને જ જાણુ છું.**

ત્યારે માતા–પિતાએ પૂછ્યું – હે પુત્ર ! તું 'જે જાણે છે, તે નથી જાણતો અને નથી જાણતો તે જાણે છે' એમ કહીને તું શું કહેવા માંગે છે ?

અતિમુક્તકુમારે જવાબ આપ્યો કે – હે માતાપિતા ! હું જાણું છું કે જન્મેલાએ અવશ્ય મરવાનું જ છે, પણ હે માતાપિતા ! હું એ જાણતો નથી કે કયા કર્મના આદાન વડે જીવો નરક ગતિમાં, તિર્યંચ યોનિમાં, મનુષ્ય યોનિમાં અને દેવ ગતિમાં ઉત્પન્ન થાય છે, પણ હે માતા–પિતા ! હું જાણુ છું કે સ્વકર્મના આદાન વડે જીવો નૈરયિક યાવત્ દેવ ગતિમાં ઉત્પન્ન થાય છે. આ રીતે માતાપિતા! હું જે જાણું છું તે નથી જાણતો અને નથી જાણતો તે જાણું છું' એમ કહ્યું

હે માતાપિતા ! હું આપની અનુજ્ઞા પામી યાવત્ દીક્ષા લેવાને ઇચ્છુ છું.

ત્યારે માતાપિતા, અતિમુક્તને ઘણા કથનાદિ વડે સમજાવી શક્યા નહીં, ત્યારે કહ્યું – હે પુત્ર ! અમે એક દિવસ માટે તારી રાજ્યશ્રીને જોવા ઇચ્છીએ છીએ.

ત્યારે અતિમુક્ત મૌન રહ્યો. ત્યાર પછી તેનો રાજ્યાભિષેક કર્યો વગેરે સમગ્ર વૃતાંત મહાબલ કુમારની જેમ નિષ્ક્રમણ કર્યું યાવત્ સામાયિકાદિ અગિયાર અંગસૂત્રનો અભ્યાસ કર્યો. ઘણા વર્ષો શ્રમણ પર્યાય પાળી, ગુણરત્ન સંવત્સર તપ કરી, યાવત્ વિપુલ પર્વતે સિદ્ધ થયા.

## વર્ગ-૬, અધ્યયન-૧૬ 'અલક્ષ'

**સૂત્ર–૪૦**

તે કાળે, તે સમયે વારાણસી નગરી, કામમહાવન ચૈત્ય હતું, તે વારાણસીમાં અલક્ષ નામે રાજા હતો. તે કાળે, તે સમયે ભગવંત મહાવીર યાવત્‌ વિચરતા હતા, પર્ષદા નીકળી, અલક્ષરાજા આ વૃત્તાંત જાણતા હર્ષિત થઈ યાવત્‌ કૂણિકની જેમ પર્યુપાસે છે. ભગવંતે ધર્મકથા કહી. અલક્ષ રાજાએ ભગવંત મહાવીર પાસે ઉદાયન રાજા માફક દીક્ષા લીધી. વિશેષ એ કે – મોટા પુત્રને રાજ્યમાં અભિસિંચિત કર્યો. અગિયાર અંગો ભણ્યા, ઘણા વર્ષનો સંયમ પર્યાય પાળી યાવત્‌ વિપુલ પર્વતે સિદ્ધ થયા.

**વર્ગ–૬ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## વર્ગ-૭

**સૂત્ર–૪૧ થી ૪૩**

**૪૧.** ભંતે ! જો શ્રમણ યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંતે છઠ્ઠા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો ભગવંત મહાવીરે સાતમા વર્ગનો શો અર્થ કહ્યો છે ?

ભગવંત મહાવીરે સાતમાં વગમાં ૧૩ અધ્યયનો કહેલા છે**,** તે આ પ્રમાણે–

**૪૨.**નંદા, નંદમતી, નંદોત્તરા, નંદશ્રેણિકા, મહતા, સુમરુતા, મહામરુતા, મરુદેવા.

**૪૩.**ભદ્રા, સુભદ્રા, સુજાતા, સુમના, ભૂતદિન્ના, આ તેર શ્રેણિકની પત્ની(રાણી)ના નામો છે.

## વર્ગ-૭, અધ્યયન-૧ થી ૧૩

**સૂત્ર–૪૪, ૪૫**

૧/**૪૪.** ભંતે! જો ભગવંત મહાવીરે સાતમાં વર્ગના–તેર અધ્યયનો કહ્યા છે, તો પહેલા અધ્યયનનો ભગવંત મહાવીરે શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ! તે કાળે, તે સમયે રાજગૃહનગર હતું, ગુણશીલ ચૈત્ય હતું , શ્રેણિક રાજા હતો. તે રાજાને નંદા નામે રાણી હતી. સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી. ત્યારે નંદાદેવીએ આ વૃત્તાંત જાણીને કૌટુંબિક પુરુષોને બોલાવ્યા. યાન મંગાવ્યુ, યાવત્ પદ્માવતી રાણી માફક દીક્ષા લીધી. અગિયાર અંગો ભણ્યા, વીસ વર્ષ શ્રામણ્ય પર્યાય પાળી, યાવત્ સિદ્ધ થયા.

૨ થી ૧૩/**૪૫.**આ રીતે નંદા માફક બીજી બધી રાણીઓનું એક–એક અધ્યયન કહેવું.

વર્ગ–૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# વર્ગ-૮

**સૂત્ર–૪૬, ૪૭**

૪૬. ભંતે ! જો શ્રમણ યાવત્ સિદ્ધિપ્રાપ્ત ભગવંતે છઠ્ઠા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો ભગવંત મહાવીરે સાતમા વર્ગનો શો અર્થ કહ્યો છે ?

હે જમ્બૂ ! ભગવંત મહાવીરે અંતકૃદ્દશાના વર્ગ–૮ ના ૧૦ અધ્યયનો કહેલા છે, તે આ પ્રમાણે–

૪૭. કાલી, સુકાલી, મહાકાલી, કૃષ્ણા, સુકૃષ્ણા, મહાકૃષ્ણા, વીરકૃષ્ણા, રામકૃષ્ણા, પિતૃસેનકૃષ્ણા અને મહાસેનકૃષ્ણા.

## વર્ગ–૮, અધ્યયન–૧ 'કાલી'

**સૂત્ર–૪૮ થી ૫૦**

૪૮. ભંતે! જો ભગવંત મહાવીરે આઠમાં વર્ગના–તેર અધ્યયનો કહ્યા છે, તો પહેલા અધ્યયનનો ભગવંત મહાવીરે શો અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. તે ચંપાનગરીમાં કોણિક રાજા હતો.

તે ચંપાનગરીના શ્રેણિક રાજાની પત્ની અને કોણિક રાજાની લઘુમાતા 'કાલી' નામે રાણી હતી. નંદારાણી માફક કાળી રાણીએ દીક્ષા લીધી યાવત્ તે સામાયિકાદિ અગિયાર અંગો ભણ્યા. ઘણા ઉપવાસ, છઠ્ઠ આદિ તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

કાલી આર્યા, કોઈ દિવસે આર્યા ચંદના પાસે આવ્યા, આવીને કહ્યું – હે આર્યા ! હું આપની અનુજ્ઞા પામીને રત્નાવલી તપ સ્વીકારીને વિચરવા ઇચ્છુ છું.

ચંદના આર્યાએ કહ્યું – જેમ સુખ ઉપજે તેમ કરો.

ત્યારે કાલી આર્યા, ચંદના આર્યાની અનુજ્ઞા પામીને રત્નાવલી તપ સ્વીકારે છે. તે આ પ્રમાણે –

૧. પહેલા એક ઉપવાસ, પછી સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૨. પછી છઠ્ઠ કરીને સર્વકામગુણિત પારણુ કરે છે.

૩. પછી અઠ્ઠમ કરે છે, કરીને સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૪. પછી આઠ છઠ્ઠ કરે છે, બધા પારણા સર્વકામ ગુણિત કરે છે.

૫. પછી ઉપવાસ, સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૬. પછી છઠ્ઠ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૭. પછી અઠ્ઠમ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૮. પછી ચાર ઉપવાસ, સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૯. પછી પાંચ ઉપવાસ, સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૧૦. પછી છ ઉપવાસ, સર્વકામ ગુણિત પારણુ કરે છે.

એ પ્રમાણે, ૧૧. સાત–આઠ–નવ–દશ–અગિયાર–બાર–તેર–ચૌદ–પંદર–સોળ ઉપવાસ, બધામાં સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૧૨.પછી ચોંત્રીશ છઠ્ઠ, બધે સર્વકામગુણિત પારણા. પછી,

૧૩.સોળ–ચૌદ યાવત્ એક ઉપવાસ, બધે સર્વકામગુણિત પારણા,

૧૪.પછી આઠ છઠ્ઠ, સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૧૫.અઠ્ઠમ–છઠ્ઠ–ઉપવાસ કરે. ત્રણેમાં સર્વકામ ગુણિત પારણુ કરે છે.

આ રીતે રત્નાવલી તપની પહેલી પરીપાટી એક વર્ષ, ત્રણ માસ, ૨૨–અહોરાત્ર વડે યથાસૂત્ર યાવત્ આરાધિત થાય છે.

પછી બીજી પરિપાટીમાં પહેલી પરિપાટી મુજબ તપ કરે છે, પણ પારણા બધા વિગઈ છોડીને કરે છે.

પછી ત્રીજી પરિપાટી આરંભે છે, તેમાં તપ પૂર્વવત્ જ છે. પણ પારણુ અલેપકૃત કરે છે,

એ રીતે જ ચોથી પરિપાટી આરાધે છે, તેમાં પારણા આયંબિલથી કરે.

**૪૯.** પહેલીમાં સર્વકામગુણિત પારણુ, બીજામાં વિગઈને વર્જીને, ત્રીજીમાં અલેપકૃત્ અને ચોથીમાં આયંબિલથી પારણુ કરે.

**૫૦.** ત્યારપછી તે કાલી આર્યા રત્નાવલી તપને પાંચ વર્ષ, બે માસ, ૨૮–દિવસે યથાસૂત્ર યાવત્ આરાધીને આર્યા ચંદના પાસે આવી, વંદના–નમસ્કાર કરી, ઘણા ઉપવાસ આદિ વડે યાવત્ આત્માને ભાવિત કરતા વિચરે છે.

ત્યારપછી તે કાલી આર્યા, તે ઉદાર યાવત્ ધમની વ્યાપ્ત થઈ ગયા. જેમ કોઈ કોલસા ભરેલ ગાડી હોય યાવત્ સારી રીતે હોમ કરેલ અગ્નિ હોય, ભસ્મરાશિથી ઢંકાયેલ હોય, તેમ તપ–તેજ શ્રી વડે અતિ ઉપશોભતી રહી હતી.

ત્યારપછી તે કાલી આર્યાને અન્ય કોઈ દિને મધ્યરાત્રિકાળે આવો વિચાર આવ્યો, સ્કંદકની વિચારણા મુજબ જાણવું યાવત્ ઉઠવાની શક્તિ છે, ત્યાં સુધીમાં મારે કાલે યાવત્ સૂર્ય ઉગ્યા પછી આર્યા ચંદનાને પૂછીને, તેમની અનુજ્ઞા પામીને, સંલેખના કરીને, ભોજન–પાનનું પચ્ચક્ખાણ કરીને, કાળની અપેક્ષા ન કરતાં વિચરવું.

એમ વિચાર કરીને બીજા દિવસે આર્યા ચંદના પાસે આવીને, તેમને વંદન–નમન કરી આમ કહ્યું – હે આર્યા ! આપની અનુજ્ઞા પામીને સંલેખના યાવત્ વિચરવા ઇચ્છુ છું.

આર્યા ચંદનાએ કહ્યું – જેમ સુખ ઉપજે તેમ કરો.

કાલી આર્યા, ચંદના આર્યાની અનુજ્ઞા પામી, સંલેખના–ઝોષણા કરતા યાવત્ વિચરે છે.

કાલી આર્યા, ચંદના આર્યા પાસે સામાયિક આદિ અગિયાર અંગોને ભણીને, પ્રતિપૂર્ણ આઠ વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને, માસિકી સંલેખનાથી આત્માને આરાધી, ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, જે હેતુ માટે ચારિત્ર ગ્રહણ કરેલ, તે અર્થને સાધીને, છેલ્લા ઉચ્છ્વાસ–નિઃશ્વાસે સિદ્ધ થયા.

હે જમ્બૂ ! ભગવંત મહાવીરે વર્ગ–૧ ના અધ્યયન–૧ નો અર્થ આ પ્રમાણે કહેલ છે.

## વર્ગ-૮, અધ્યયન-૨ 'સુકાલી'

### સૂત્ર–૫૧

તે કાળે તે સમયે ચંપા નામે નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું, કોણિક નામે રાજા હતો.

ત્યાં રાજા શ્રેણિકની પત્ની અને કોણિકની લઘુમાતા સુકાલી દેવી હતા. કાલીદેવીની માફક દીક્ષા લીધી, યાવત્ ઘણા ઉપવાસ યાવત્ ભાવતા વિચરે છે.

તે સુકાલી આર્યા અન્ય કોઈ દિને, ચંદના આર્યા પાસે આવીને કહ્યું કે– આપની અનુજ્ઞા પામીને કનકાવલી તપ સ્વીકારી વિચરવા ઇચ્છુ છું.

રત્નાવલી માફક જ કનકાવલી જાણવી. વિશેષ એ કે ત્રણ સ્થાને અઠ્ઠમ કરે છે, જ્યાં રત્નાવલીમાં છઠ્ઠ આદિ છે. એક પરિપાટીમાં પાંચ માસ, ૧૨–દિન થાય છે. ચારે પરિપાટી થઈને પાંચ વર્ષ, નવ માસ, ૧૮–દિન થાય છે, બાકી પૂર્વવત્. નવ વર્ષનો પર્યાય પાળી યાવત્ સુકાલી આર્યા સિદ્ધ થયા.

## વર્ગ–૮, અધ્યયન–૩ ' મહાકાલી'

### સૂત્ર–૫૨

એ પ્રમાણે કાલી રાણી માફક મહાકાલી રાણી પણ જાણવા.

વિશેષ એ કે – તેણી લઘુ સિંહ નિષ્ક્રીડિત તપ સ્વીકારી વિચરે છે. તે આ પ્રમાણે–

૧. ઉપવાસ કરે છે, પછી સર્વકામ ગુણિત પારણુ કરે છે.

૨. પછી છઠ્ઠ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૩. પછી ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૪. પછી અઠ્ઠમ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૫. પછી છઠ્ઠ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૬. પછી ચાર ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૭. પછી અઠ્ઠમ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૮. પછી પાંચ ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૯. પછી ચાર ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૧૦. પછી છ ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

૧૧. પછી પાંચ ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણુ કરે છે

એ રીતે સાત – છ, આઠ–સાત, નવ–આઠ, પછી પાછાં નવ–આઠ, આઠ–છ, સાત–પાંચ, પાંચ–ત્રણ, ચાર–બે, ત્રણ–એક, બે–એક ઉપવાસ કરે છે, તે બધામાં સર્વકામગુણિત પારણા કરે છે,

તે પ્રમાણે ચારે પરિપાટી કરે છે.

એક પરિપાટીમાં છ માસ અને સાત દિવસ થાય છે. ચારે પરિપાટી બે વર્ષ, ૨૮–દિવસ થાય છે. યાવત્ મહાકાલી આર્યા કાલિ આર્યા  માફક મહાકાલી આર્યા સિદ્ધ થયા.

## વર્ગ–૮, અધ્યયન–૪ ' કૃષ્ણા'

**સૂત્ર–૫૩**

એ પ્રમાણે કૃષ્ણારાણીને પણ જાણવા.

વિશેષ એ કે – તેણીએ મોટું સિંહનિષ્ક્રિડિત તપ કર્યુ, તે લઘુનિષ્ક્રિડિત જેવું જ છે. વિશેષ એ કે– આમાં સોળ ઉપવાસ સુધી યાવત્ જાણવું, તે જ પ્રમાણે પંક્તિ કરવી.

તેમાં પહેલી પરિપાટી એક વર્ષ, છ માસ, ૧૮–દિને થાય છે. ચારે પરિપાટી છ વર્ષ, બે માસ, ૧૨–દિને પૂરી થાય છે. બાકી બધું કાલીઆર્યા મુજબ જાણવુ યાવત્  કૃષ્ણા આર્યા સિદ્ધ થયા.

## વર્ગ–૮, અધ્યયન–૫ ' સુકૃષ્ણા'

**સૂત્ર–૫૪**

એ પ્રમાણે સુકૃષ્ણા રાણી પણ જાણવા.

વિશેષ એ કે–  તેઓ સપ્ત સપ્તમિકા નામક ભિક્ષુપ્રતિમા સ્વીકારી વિચરે છે.

પહેલા સપ્તકમાં એક–એક ભોજનની દત્તિ, એક–એક પાણીની દત્તિ ગ્રહણ કરાય છે.

બીજા સપ્તકમાં બંનેની બબ્બે દત્તિ ગ્રહણ કરાય છે.

ત્રીજા સપ્તકમાં બંનેની  ત્રણ–ત્રણ દત્તિ ગ્રહણ કરાય છે યાવત્ સાતમાં સપ્તકમાં ભોજનની સાત અને પાણીની સાત દત્તિ ગ્રહણ કરે છે.

આ પ્રતિમા ૪૯ અહોરાત્રમાં અને ૧૯૬ દત્તિ વડે યથાસૂત્ર યાવત્ આરાધીને ચંદના આર્યા પાસે આવ્યા, આવીને આર્યા ચંદનાને વાંદી–નમીને આમ કહ્યું – હે આર્યા ! હું આપની અનુજ્ઞા પામીને અષ્ટ અષ્ટમિકા ભિક્ષુ

પ્રતિમાને સ્વીકારી વિચરવા ઇચ્છુ છું.

આર્યા ચંદનાએ કહ્યું– જેમ સુખ ઉપજે તેમ કરો.

ત્યારે સુકૃષ્ણા આર્યા, આર્યા ચંદનાની અનુજ્ઞા પામી અષ્ટ અષ્ટમિકા ભિક્ષુ પ્રતિમા સ્વીકારે છે.

તેમાં પહેલા અષ્ટકમાં એક ભોજનની, એક પાનકની દત્તિ ગ્રહણ કરે છે, યાવત્ આઠમાં અષ્ટકમાં આઠ ભોજનની અને આઠ પાનકની દત્તિ ગ્રહણ કરે છે.

એ રીતે આ પ્રતિમા ૬૪–રાત્રિદિન વડે, ૨૮૮ દત્તિ વડે આરાધીને યાવત્ નવ–નવમિકા ભિક્ષુપ્રતિમા સ્વીકારીને વિચરે છે.

તેમાં પહેલા નવકમાં એક ભોજન અને એક પાનકની દત્તિ ગ્રહણ કરે છે. યાવત્ નવમાં નવકમાં નવ દત્તિ ભોજનની અને નવ દત્તિ પાનકની જાણવી.

એ રીતે નવનવમિકા ભિક્ષુપ્રતિમા ૮૧–અહોરાત્ર વડે, ૪૦૫ દત્તિ વડે યથાસૂત્ર આરાધી.

પછી દશ દશમિકા ભિક્ષુપ્રતિમા સ્વીકારી વિચરે છે,

પહેલા દશકમાં એક–એક યાવત્ દશમાં દશકમાં દશ–દશ ભોજન–પાણીની દત્તિ જાણવી.

આ ભિક્ષુપ્રતિમા–૧૦૦ અહોરાત્ર વડે, ૫૫૦ દત્તિ વડે યથાસૂત્ર આરાધી.

પછી ઘણા ઉપવાસ આદિ તપ કર્યા યાવત્ અર્ધમાસ અને માસક્ષમણાદિ વિવિધ તપ વડે આત્માને ભાવિત કરતા વિચરે છે. પછી તે સુકૃષ્ણા આર્યા, તે ઉદાર તપથી યાવત્ સિદ્ધિ પામ્યા.

## વર્ગ-૮, અધ્યયન-૬ 'મહાકૃષ્ણા'

સૂત્ર–૫૫

એ પ્રમાણે મહાકૃષ્ણા રાણી પણ જાણવા. વિશેષ એ કે – તેણી લઘુ સર્વતોભદ્ર પ્રતિમા સ્વીકારી વિચરે છે.

૧. ઉપવાસ કરે છે, સર્વ કામગુણિત પારણુ કરે છે. પછી–

૨. છટ્ઠ, અટ્ઠમ, ચાર, પાંચ ઉપવાસ અને સર્વકામગુણિત પારણું. પછી–

૩. અટ્ઠમ, ચાર, પાંચ, એક ઉપવાસ અને સર્વકામગુણિત પારણું. પછી–

૪. છટ્ઠ, પાંચ, એક, બે ઉપવાસ, સર્વકામગુણિત પારણું. પછી–

૫. બે, પાંચ, ચાર, ઉપવાસ અને સર્વકામગુણિત પારણું. પછી–

૬. બે–ત્રણ–ચાર ઉપવાસ, સર્વકામગુણિત પારણું. પછી–

૭. બે–ત્રણ–ચાર–પાંચ ઉપવાસ, સર્વકામગુણિત પારણા કરે. પછી–

૮. એક–ચાર–પાંચ ઉપવાસ, સર્વકામગુણિત પારણું. પછી–

૯. એક–બે–ત્રણ ઉપવાસ, તન્મધ્યે સર્વકામગુણિત પારણા.

એ રીતે લઘુ સર્વતોભદ્ર તપની પહેલી પરિપાટી ત્રણ માસ, દશ દિવસ વડે યથાસૂત્ર યાવત્ આરાધી.

પછી બીજી પરિપાટીમાં ઉપવાસ કરી, વિગઈ રહિત પારણું કરે છે,

એ રીતે જેમ રત્નાવલીમાં કહ્યું તેમ અહીં પણ ચાર પરિપાટી છે, પારણા પૂર્વવત્.

ચારેનો કાળ એક વર્ષ, એક માસ, દશ દિવસ. બાકી પૂર્વવત્ યાવત્ મહાકૃષ્ણા આર્યા યાવત સિદ્ધ થયા.

## વર્ગ–૮, અધ્યયન–૭ ' વીરકૃષ્ણા'

સૂત્ર–૫૬

એ પ્રમાણે વીરકૃષ્ણા રાણી પણ જાણવા. વિશેષ એ કે – મહાસર્વતોભદ્ર તપ સ્વીકારી વિચરે છે. તે આ –

૧. ઉપવાસ કરે છે, કરીને સર્વકામગુણિત પારણું કરે છે, એ રીતે – બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત ઉપવાસ કરી, પછી સર્વકામગુણિત પારણું કરે છે

૨. પછી ચાર–પાંચ–છ–સાત–એક–બે–ત્રણ ઉપવાસ, પછી સર્વકામગુણિત પારણું કરે છે

૩. પછી સાત–એક–બે–ત્રણ–ચાર–પાંચ–છ ઉપવાસ, સર્વકામગુણિત પારણું કરે છે

૪. પછી ત્રણ–ચાર–પાંચ–છ–સાત–એક–બે ઉપવાસ, સર્વકામગુણિત પારણું કરે છે

૫. પછી છ–સાત–એક–બે–ત્રણ–ચાર–પાંચ ઉપવાસ, સર્વકામગુણિત પારણું કરે છે

૬. પછી બે–ત્રણ–ચાર–પાંચ–છ–સાત–એક ઉપવાસ, સર્વકામગુણિત પારણું કરે છે

૭. પછી પાંચ–છ–સાત–એક–બે–ત્રણ–ચાર ઉપવાસ, દરેકને અંતે સર્વકામગુણિત પારણુ કરે છે.

એક એક લતામાં આઠ માસ, પાંચ દિવસ થાય છે.

ચારે લતામાં બે વર્ષ, આઠ માસ અને વીશ દિવસ લાગે છે.

બાકી પૂર્વવત્ યાવત્ વેરકૃષ્ણા આર્યા સિદ્ધ થયા.

## વર્ગ–૮, અધ્યયન–૮ ' રામકૃષ્ણા'

સૂત્ર–૫૭

એ પ્રમાણે રામકૃષ્ણા રાણી પણ જાણવા.

વિશેષ એ કે – તેની ભદ્રોત્તર પ્રતિમા સ્વીકારી વિચરે છે. તે આ –

૧. પાંચ ઉપવાસ કરી સર્વકામગુણિત પારણું કરે છે, પછી છ–સાત–આઠ–નવ ઉપવાસ, અને સર્વકામગુણિત પારણું કરે છે

૨. પછી સાત–આઠ–નવ–પાંચ–છ ઉપવાસ અને સર્વકામગુણિત પારણું કરે છે

૩. પછી નવ–પાંચ–છ–સાત–આઠ ઉપવાસ અને સર્વકામગુણિત પારણું કરે છે

૪. પછી છ–સાત–આઠ–નવ–પાંચ ઉપવાસ અને સર્વકામગુણિત પારણું કરે છે

૫.પછી આઠ–નવ–પાંચ–છ–સાત ઉપવાસ અને પ્રત્યેકમાં સર્વકામગુણિત પારણું કરે.

એક પરિપાટી છ માસ, વીશ દિવસમાં ચારેમાં બે વર્ષ, બે માસ, ૨૦–દિન.

બાકી કાલીઆર્યા મુજબ જાણવું યાવત રામકૃષ્ણા આર્યા સિદ્ધ થયા.

## વર્ગ-૮, અધ્યયન-૯ 'પિતૃસેનકૃષ્ણા'

સૂત્ર–૫૮

એ પ્રમાણે પિતૃસેનકૃષ્ણા રાણી પણ જાણવી.

વિશેષ એ કે – તેણી મુક્તાવલી તપ સ્વીકારીને વિચરે છે. તે આ –

૧. પહેલાં એક ઉપવાસ કરીને સર્વકામ ગુણિત પારણું કરે છે, પછી બે ઉપવાસ કરીને સર્વકામ ગુણિત પારણું કરે છે

૨. પછી બે–ત્રણ ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણું કરે છે

૩. પછી બે–ચાર ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણું કરે છે

૪. પછી બે–પાંચ ઉપવાસ અને સર્વકામ ગુણિત પારણું કરે છે

૫. પછી બે–સાત ઉપવાસ, એ રીતે વધતા–વધતા છેલ્લે બે ઉપવાસ, સર્વકામ ગુણિત પારણું અને ૧૬–ઉપવાસ પછી સર્વકામ ગુણિત પારણું કરે છે.

આ જ ક્રમમાં ઘટતા ઘટતા છેલ્લે યાવત્.એક ઉપવાસ કરે, કરીને સર્વકામ ગુણિત પારણુ કરે છે.

એક પરિપાટીનો કાળ ૧૧-માસ, ૧૫-દિવસનો થાય, ચારેમાં ૩-વર્ષ, ૧૦-માસ, બાકી પૂર્વવત્ યાવત્ પિતૃસેનકૃષ્ણા આર્યા સિદ્ધ થયા.

## વર્ગ-૮, અધ્યયન-૧૦ 'મહાસેનકૃષ્ણા'

**સૂત્ર-૫૯, ૬૦**

**૫૯.** એ પ્રમાણે મહાસેનકૃષ્ણા રાણી પણ જાણવા.

વિશેષ એ કે – વર્ધમાન આયંબિલ તપ કરતા વિચરે છે, તે આ પ્રમાણે–

એક આયંબિલ, પછી ઉપવાસ કરે. પછી બે આયંબિલ કરીને ઉપવાસ કરે.

એ રીતે એક-એક આયંબિલ વધતા-વધતા છેલ્લે ૧૦૦-આયંબિલ કરીને એક ઉપવાસ કરે.

ત્યારે આર્યા મહાસેન કૃષ્ણા આ તપને ૧૪-વર્ષ, ૩-માસ, ૨૦-અહોરાત્ર વડે સૂત્ર અનુસાર, આચાર અનુસાર યાવત્ સમ્યક્ કાયાથી સ્પર્શીને, યાવત્ આરાધીને આર્યા ચંદના પાસે આવ્યા, વંદન-નમન કરીને, ઘણા ઉપવાસ વડે યાવત્ આત્માને સંયમ વડે ભાવિત કરતા વિચરે છે.

ત્યારપછી મહાસેનકૃષ્ણા આર્યા, તે ઉદાર તપથી યાવત્ અતિ શોભતા હતા.

પછી તે મહાસેનકૃષ્ણા આર્યાને કોઈ દિવસે મધ્યરાત્રિએ સ્કંદકની જેમ વિચાર આવ્યો, યાવત્ આર્યા ચંદનાને પૂછીને યાવત્ સંલેખના કરી, કાળની અપેક્ષા ન કરતા વિચરે છે.

તે મહાસેનકૃષ્ણા આર્યા, ચંદના આર્યા પાસે ૧૧-અંગ ભણ્યા, પ્રતિપૂર્ણ ૧૭-વર્ષ પર્યાય પાળ્યો, માસિકી સંલેખનાથી આત્માને આરાધી, ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, જે અર્થ માટે ચારિત્ર લીધેલ, તે અર્થને આરાધી છેલ્લા ઉચ્છ્વાસ-નિઃશ્વાસે અંતકૃત કેવલી થઇ સિદ્ધ-બુદ્ધ થયા.

**૬૦.** શ્રેણિકની પત્ની-કાલી આર્યાનો પર્યાય આઠ વર્ષ, એક-એકની વૃદ્ધિ કરતા છેલ્લી મહાસેન કૃષ્ણાનો પર્યાય ૧૭ વર્ષ થયો.

**સૂત્ર-૬૧**

હે જંબૂ ! આદિકર, શ્રમણ ભગવંત મહાવીરે આઠમાં અંગસૂત્ર અંતકૃદ્દશાનો આ અર્થ કહ્યો છે.

**વર્ગ-૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

**સૂત્ર-૬૨**

અંતગડદસા અંગસૂત્રમાં એક શ્રુતસ્કંધ, આઠ વર્ગો છે, તેનો આઠ દિવસમાં ઉદ્દેશો થાય છે. તેમાં પહેલા, બીજા, ચોથા, પાંચમાં અને આઠમા વર્ગમાં દશ-દશ ઉદ્દેશા છે, ત્રીજા અને સાતમામાં ૧૩-ઉદ્દેશા, છઠ્ઠામાં-૧૬ ઉદ્દેશા છે. બાકી બધું જ્ઞાતાધર્મકથા મુજબ જાણવું.

## મુનિ દીપરત્નસાગરકૃત્ 'અંતકૃદ્દશાંગ સૂત્ર'નો ગુજરાતી અનુવાદ પૂર્ણ

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**-1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**-2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा-कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો-4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો- 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम-मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम-सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र-गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000
આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000

અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે

વેબ સાઈટ:– **1. www.jainelibrary.org** **2. deepratnasagar.in**
ઈમેલ એડ્રેસ:– **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
**Post:** – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, **India.** **[Pin- 361120]**

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૮

# અંતકૃત્ દશા

આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397